


# ગરવી ગુજરાત

ગરવી ગુજરાત

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

RNI No. GUJGUJ /2008/26148

GARVI GUJARAT

Volume : 18
Issue : 208
Dt.: 10-04-2026,
Friday
Page : 04
Rs.00.50 paisa


### ૧૦ મિનિટમાં ૧૦૦ એરસ્ટ્રાઈક, ૨૫૦થી વધુના મોત

# ઈરાન-અમેરિકા સીઝફાયરમાં "વિલન" બન્યું ઈઝરાયલ

## સીઝફાયરની જાહેરાત થઈ તે જ દિવસે ઈઝરાયલે લેબેનોન પર અત્યાર સુધીનો સૌથી મોટો હવાઈ હુમલો કર્યો છે

(સંપૂર્ણ સમાચાર સેવા)તેહરાન

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા અમેરિકા અને ઈરાન વચ્ચે બે સપ્તાહના સીઝફાયરની જાહેરાત કરવામાં આવી હોવા છતાં, પશ્ચિમ એશિયામાં તણાવ ઓછો થવાને બદલે વધી રહ્યો હોય તેમ જણાય છે. સીઝફાયરની જાહેરાત થઈ તે જ દિવસે ઈઝરાયલે લેબેનોન પર અત્યાર સુધીનો સૌથી મોટો હવાઈ હુમલો કર્યો છે. ઈઝરાયલી સેનાએ માત્ર ૧૦ મિનિટમાં ૧૦૦થી વધુ સ્થળોએ બોમ્બમારો કર્યો હતો, જેમાં ૫૦થી વધુ લડાયક વિમાનો જોડાયા હતા. આ ભીષણ હુમલામાં લેબેનોનની રાજધાની બેરૂત, બેકા ઘાટી અને દક્ષિણ લેબેનોનના રહેણાંક વિસ્તારોને નિશાન બનાવવામાં આવ્યા છે, જેને લેબેનોનના રાષ્ટ્રપતિએ 'નરસંહાર' ગણાવ્યો છે. લેબેનોનના સ્વાસ્થ્ય મંત્રાલયના જણાવ્યા અનુસાર, ઈઝરાયલ અને હિઝબુલ્લાહ વચ્ચે શરૂ થયેલા સંઘર્ષમાં આ સૌથી લોહિયાળ દિવસ સાબિત થયો છે. આ હુમલાઓમાં અત્યાર સુધીમાં ૨૫૪થી વધુ લોકોના મોત થયા છે અને ૧૧૦૦થી વધુ લોકો ઘાયલ થયા છે. મલબા નીચે હજુ પણ અનેક લોકો દબાયેલા હોવાથી મૃત્યુઆંક વધવાની આશંકા છે. આ આક્રમકતા બાદ હવે સવાલ ઉઠી રહ્યો છે કે શું અમેરિકા-ઈરાન યુદ્ધવિરામમાં ઈઝરાયલ સૌથી મોટો અવરોધ બની રહ્યું છે. લેબેનોનના રાષ્ટ્રપતિએ રોષે ભરાતા કહ્યું હતું કે, ઈઝરાયલ તમામ માનવીય મૂલ્યોની નેવે મૂકીને શાંતિના પ્રયાસોને નજરઅંદાજ કરી રહ્યું છે. આ ગંભીર સ્થિતિ વચ્ચે ઈઝરાયલના પીએમ નેતન્યાહૂએ સ્પષ્ટ કર્યું છે કે લેબેનોન આ યુદ્ધવિરામનો ભાગ નથી અને હિઝબુલ્લાહ સામેની કાર્યવાહી ચાલુ રહેશે. બીજી તરફ, ઈરાને આક્રમક વલણ અપનાવતા હોર્મુઝ સ્ટ્રેટ બંધ કરી દીધો છે અને ચેતવણી આપી છે કે જો લેબેનોન પર હુમલા નહીં અટકે તો તેઓ યુદ્ધવિરામ કરારમાંથી પાછળ હટી જશે. ઈરાનના વિદેશ મંત્રી સૈયદ અબ્બાસ અરાઘચી અને પ્રમુખ મસૂદ પેજેશ્કિયાનનું કહેવું છે કે લેબેનોનમાં યુદ્ધવિરામ એ કરારની મુખ્ય શરત હતી અને જો અમેરિકા તેની પ્રતિબદ્ધતાઓ પાળવામાં નિષ્ફળ રહેશે તો શાંતિના પ્રયાસો ખોરવાઈ જશે. વૈશ્વિક સ્તરે પણ આ હુમલાની આકરી ટીકા થઈ રહી છે. પાકિસ્તાનના પીએમ શાહબાઝ શરીફે સોશિયલ મીડિયા દ્વારા શાંતિની અપીલ કરતા જણાવ્યું હતું કે, યુદ્ધવિરામના ઉલ્લંઘનના સમાચારો શાંતિ પ્રક્રિયાને નબળી પાડી રહ્યા છે. તેમણે તમામ પક્ષોને સંયમ જાળવવા અને આગામી બે સપ્તાહ સુધી સમજૂતીનું સન્માન કરવા વિનંતી કરી છે, જેથી રાજદ્વારી રીતે આ સંઘર્ષનો કાયમી ઉકેલ લાવી શકાય. હાલમાં બેરૂતમાં થયેલા પ્રચંડ વિસ્ફોટો અને ઈઝરાયલની હઠના કારણે સમગ્ર વિસ્તારમાં ફરીથી મોટા યુદ્ધના વાદળો છવાયા છે.



### પુડુચેરીમાં અથડામણ, પોલીસનો લાઠીચાર્જ

## ત્રણ રાજ્યોમાં જંગી મતદાન થયું, આસામમાં સૌથી વધુ ૮૪% વોટિંગ

### પુડુચેરીમાં ૮૯.૯૨% અને કેરળમાં ૭૫.૦૧% મતદાન

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી,

આસામ, કેરળ અને કેન્દ્રશાસિત પ્રદેશ પુડુચેરીમાં આજે વિધાનસભા ચૂંટણી માટે એક જ તબક્કામાં મતદાન થઈ રહ્યું છે. સવારે ૭ વાગ્યાથી શરૂ થયેલી આ પ્રક્રિયામાં મતદારોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. સાંજે ૫ વાગ્યા સુધીના આંકડા મુજબ આસામમાં સૌથી વધુ ૮૪.૪૨%, પુડુચેરીમાં ૮૯.૯૨% અને કેરળમાં ૭૫.૦૧% મતદાન નોંધાયું છે. કેરળની ૧૪૦, આસામની ૧૨૬ અને પુડુચેરીની ૩૦ બેઠકો પર જનતા ઉમેદવારોનું ભવિષ્ય નક્કી કરી રહી છે. આસામની ૧૨૬ બેઠકો પર ૭૨૨ ઉમેદવારો મેદાનમાં છે. શાંતિપૂર્ણ મતદાન માટે ૩૧,૯૪૦ મતદાન કેન્દ્રો પર ૧.૫ લાખથી વધુ સુરક્ષા કર્મીઓ તૈનાત કરવામાં આવ્યા છે. સંવેદનશીલ કેન્દ્રો પર માઈક્રો-ઓબ્ઝર્વર દ્વારા નજર રાખવામાં આવી રહી છે. મુખ્યમંત્રી હિમંતા બિસ્વા સરમાના નેતૃત્વમાં ભાજપ હેટ્રિક જીત મેળવવા માંગે છે, જ્યારે કોંગ્રેસે ગૌરવ ગોગોઈના ચહેરાને આગળ ધરીને સત્તા હાંસલ કરવા ઈચ્છે છે.

કેરળની તમામ ૧૪૦ બેઠકો પર ૮૮૩ ઉમેદવારો વચ્ચે મુકાબલો છે. અહીં ૨.૭૧ કરોડ મતદારો મતાધિકારનો ઉપયોગ કરશે. પિનરાઈ વિજયનની આગેવાની હેઠળનું LDF ત્રીજી વાર સત્તામાં આવવા ઈચ્છુક છે, જ્યારે કોંગ્રેસ નેતૃત્વ હેઠળનું UDF પોતાની ખોવાયેલી સત્તા મેળવવા મહેનત કરી રહ્યું છે. ભાજપ પણ અહીં પોતાની તાકાત વધારીને ખાતું ખોલવાની આશા રાખી રહ્યું છે.

પુડુચેરીમાં ૩૦ બેઠકો પર ૨૯૪ ઉમેદવારો મેદાનમાં છે. મતદાન દરમિયાન મન્નાદીપેટના તિરુકાનૂર ગામમાં ભાજપ અને કોંગ્રેસના કાર્યકરો વચ્ચે ઉગ્ર અથડામણ થઈ હતી. ભીડને વિખેરવા માટે પોલીસે લાઠીચાર્જ કરવો પડ્યો હતો, જોકે આ ઘટનાથી મતદાન પ્રક્રિયા પર કોઈ અસર પડી નથી.

વિધાનસભા ચૂંટણીની સાથે જ આજે કર્ણાટકની ૨, નાગાલેન્ડની ૧ અને ત્રિપુરાની ૧ બેઠક પર પેટાચૂંટણી યોજાઈ રહી છે. ગોવામાં પણ એક બેઠક પર પેટાચૂંટણી થવાની હતી, પરંતુ હાઈકોર્ટે તેના પર રોક લગાવી દેતા મુખ્યમંત્રી પ્રમોદ સાવંતે આશ્ચર્ય અને નિરાશા વ્યક્ત કરી છે.

ચૂંટણીમાં નોંધાયેલી અન્ય ઘટનાઓ

કોંગ્રેસની પોતાના જ ઉમેદવાર સામે ફરિયાદ : આસામ કોંગ્રેસે ઉદલગુડી બેઠકના ઉમેદવાર સુરેન ડેમરી સામે ફરિયાદ નોંધાવી છે. ડેમરીએ પક્ષ વિરુદ્ધ નિવેદન આપી રાજીનામું આપતા કોંગ્રેસે તેમની સામે FIRની માંગ કરી છે.

મતદાન અધિકારીનું નિધન : આસામના સોનિતપુર જિલ્લામાં એક મતદાન અધિકારી દેબેન હોરો (૪૫) મૃત હાલતમાં મળી આવ્યા હતા. તેમની જગ્યાએ રિઝર્વ સ્ટાફ મૂકીને મતદાન પ્રક્રિયા ચાલુ રાખવામાં આવી હતી.

ગોપનીયતાના ભંગ બદલ FIR : આસામના કાર્બી આંગલોંગમાં મતદાન કેન્દ્રની અંદરનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થતા ચૂંટણી પંચે ગંભીર નોંધ લીધી છે અને જવાબદારો સામે FIR દાખલ કરી તપાસ શરૂ કરી છે.

### ગેસ સંકટથી મળશે છૂટકારો?

## ભારત સહિત દક્ષિણ એશિયાના દેશોને રશિયાની ખાસ ઓફર

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

મિડલ ઈસ્ટમાં ચાલી રહેલા યુદ્ધના કારણે વૈશ્વિક ઉર્જા બજારમાં હાહાકાર મચ્યો છે. કતારના પાવર પ્લાન્ટ્સ પર થયેલા હુમલા અને હોર્મુઝ સ્ટ્રેટ બંધ થવાના કારણે ગેસના ભાવ આસમાને પહોંચ્યા છે. આ વૈશ્વિક સંકટ વચ્ચે એક મીડિયા રિપોર્ટમાં દાવો કર્યો છે કે, રશિયાએ ભારત અને બાંગ્લાદેશ સહિતના દક્ષિણ એશિયાના દેશોને આકર્ષવા માટે ૪૦ ટકા જેટલા તોતિંગ ડિસ્કાઉન્ટ પર લિક્વિફાઈડ નેચરલ ગેસ (LNG) વેચવાની ઓફર કરી છે. હોર્મુઝ સ્ટ્રેટ બંધ થવાથી અને કતારના મુખ્ય નિકાસ પ્લાન્ટ્સ પર હુમલાને કારણે વિશ્વના કુલ ગેસ પુરવઠાનો ૨૦ ટકા હિસ્સો ખોરવાઈ ગયો છે. આના પરિણામે ભારત અને બાંગ્લાદેશ જેવા દેશોને હાલમાં ખૂબ જ ઊંચા ભાવે ગેસ ખરીદવાની ફરજ પડી રહી છે. ગેસની અછતને કારણે ખાતર અને અન્ય ઉદ્યોગોને અપાતા પુરવઠામાં કાપ મૂકવો પડ્યો છે. બાંગ્લાદેશે લાંબા ગાળાના કરાર કરતા બમણી કિંમતે સ્પોટ માર્કેટમાંથી ગેસ લેવાનું શરૂ કર્યું છે.અમેરિકાએ રશિયન ગેસ પર કડક પ્રતિબંધો લાદ્યા હોવા છતાં, રશિયા પોતાનો માલ વેચવા માટે નવી વ્યૂહનીતિ અપનાવી રહ્યું છે. મીડિયા રિપોર્ટમાં દાવો કરવામાં આવી રહ્યો છે કે, રશિયા આર્કટિક LNG ૨ પ્રોજેક્ટમાંથી ૪૦ ટકા ડિસ્કાઉન્ટ પર ગેસ વેચી રહ્યું છે. ચીન અને રશિયાના મધ્યસ્થીઓ એવો દાવો કરી રહ્યા છે કે તે આ ગેસ રશિયાનો નહીં પણ ઓમાન કે નાઈજીરીયાનો હોવાના દસ્તાવેજો આપી શકે છે. ચીન ગુપ્ત જહાજો દ્વારા રશિયન ઈંધણની આયાત કરીને રશિયાની નિકાસ વધારવામાં મદદ કરી રહ્યું છે.ભારત હંમેશા પ્રતિબંધો પ્રત્યે સાવધ રહ્યું છે, પરંતુ પોતાની ઉર્જા સુરક્ષા માટે તેણે અગાઉ રશિયન અને ઈરાની ઓઈલની ખરીદી કરી છે. હાલમાં ભારત મોંઘા ભાવે ગેસ ખરીદી રહ્યું છે, ત્યારે રશિયાની આ સસ્તી ઓફર સ્વીકારવી કે અમેરિકી પ્રતિબંધોનું માન રાખવું, તે ભારત સરકાર માટે મોટો પડકાર છે. નિષ્ણાતોનું માનવું છે કે જો મિડલ ઈસ્ટમાં તણાવ લાંબો ચાલશે, તો દક્ષિણ એશિયાના દેશો પાસે રશિયાના આ સસ્તા ગેસ સિવાય અન્ય કોઈ વિકલ્પ નહીં બચે.

## લેબેનોન પર હુમલાના વિરોધમાં ઈરાને હોર્મુઝ ખાડી બંધ કરી

(સંપૂર્ણ સમાચાર સેવા)તેહરાન બૈરુત

અમેરિકા અને ઈરાન વચ્ચે થયેલાં યુદ્ધવિરામમાં લેબેનોનનો સમાવેશ નહીં કરાયો હોવાનું જણાવી ઈઝરાયેલે લેબેનોન પર આક્રમક હુમલાં ચાલુ રાખ્યાં છે. તેણે કોમર્શિયલ અને રહેણાંક વિસ્તારોમાં ભીષણ હુમલા કરીને ૨૫૦થી વધુ લોકોને મોતને ઘાટ ઉતારી દીધા છે અને હજારથી વધુ લોકોને ઈજા પહોંચી છે. આ હુમલા ચાલુ રાખવા અંગે ઈઝરાયેલે જણાવ્યું હતું કે, યુદ્ધવિરામમાં ઈરાનનું પીઠબળ ધરાવતાં હિઝબુલ્લાહ સાથેન તેની લડાઈનો સમાવેશ નથી કરાયો. બીજી તરફ અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે પણ ઈઝરાયેલના વલણને સમર્થન આપતાં જણાવ્યું હતું કે, યુદ્ધવિરામમાં હિઝબુલ્લાહના કારણે લેબેનોનનો સમાવેશ કરાયો નથી. જોકે ઈરાન અને અમેરિકા વચ્ચે મધ્યસ્થી કરી રહેલાં પાકિસ્તાનના જણાવ્યાં અનુસાર, યુદ્ધવિરામમાં લેબેનોનનો પણ સમાવેશ કરાયો છે. એક અહેવાલ પ્રમાણે ઈઝરાયેલે ૧૦ મિનિટમાં બૈરુતમાં આવેલાં હિઝબુલ્લાહના ૧૦૦થી વધુ ટાર્ગેટ પર હુમલાં કર્યાં હતાં.યુદ્ધવિરામ માટે સંમત થયાના ૨૪ કલાકથી પણ ઓછા સમયમાં, લેબનોનમાં ઈઝરાયેલના હુમલામાં ૨૫૪થી વધુ લોકો માર્યા ગયા બાદ ઈરાને બુધવારે ફરીથી હોર્મુઝની ખાડી બંધ કરી દીધી છે. અમેરિકાએ આ ખાડી ખોલવાની માગણી કરી છે. અમેરિકા અને ઈઝરાયેલે દાવો કર્યો હતો કે રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા નક્કી કરવામાં આવેલી સમયમર્યાદાની થોડી મિનિટો પહેલા જે બે અઠવાડિયાના "યુદ્ધવિરામ" પર સહમતી સધાઈ હતી, તેમાં લેબેનોન આ કરારનો ભાગ નહોતો.ઈરાને લેબેનોન પર ઈઝરાયેલના હુમલાના જવાબમાં હોર્મુઝની ખાડી બંધ કરી દીધી છે અને જણાવ્યું છે કે ઈઝરાયેલ બેરૂત પર સતત હુમલા કરીને યુદ્ધવિરામની શરતોનું ઉલ્લંઘન કરી રહ્યું છે. તે નરસંહાર કરી રહ્યું છે અને સમગ્ર વિશ્વ તે જોઈ રહ્યું છે.વોશિંગ્ટનઃ ઈરાન સાથે બે સપ્તાહના યુદ્ધવિરામ પછી અમેરિકાના પ્રેસિડન્ટ ડોનાલ્ડ ટ્રમ્પે ધમકી આપી હતી કે ઈરાનને લશ્કરી શસ્ત્રો સપ્લાય કરનારા દેશો પર ૫૦% ટેરિફ લાદવામાં આવશે. આવા દેશોની અમેરિકામાં આયાત થતી તમામ વસ્તુઓ પર તાકીદે ટેરિફ લાદવામાં આવશે. બુધવારે ટ્રુથસોશિયલ મીડિયા પરની પોસ્ટમાં તેમણે જણાવ્યું હતું કે આવા દેશો તાત્કાલિક વસૂલાતને પાત્ર બનશે, જેમાં કોઈ બાકાત કે મુક્તિ નહીં હોય. ટ્રમ્પે બીજી એક ટ્રુથ સોશિયલ મીડિયા પોસ્ટમાં કહ્યું હતું કે ઈરાન યુરેનિયમનું કોઈ સંવર્ધન કરશે નહીં. અને યુએસ શાંતિ દરખાસ્તોમાંના ૧૫ મુદ્દાઓમાંથી ઘણા મુદ્દા અંગે પહેલા જ સંમતિ સધાઈ ચુકી છે. અમેરિકા અને ઈરાન ટેરિફ અને પ્રતિબંધોમાં રાહતની ચર્ચાવિચારણા કરશે. અહીં ઉલ્લેખનીય છે કે ગયા વર્ષે ટ્રમ્પે વિશ્વભરના દેશો પર જંગી રિસિપ્રોકલ ટેરિફ લાદી હતી, પરંતુ ફેબ્રુઆરીમાં અમેરિકાની સુપ્રીમ કોર્ટે તેને ગેરબંધારણીય ગણાવીને રદ કરી દીધી હતી. જોકે હવે વોશિંગ્ટન કલમ ૩૦૧ હેઠળની તપાસ જેવી વેપાર કાયદા હેઠળ નવેસરથી ટેરિફ લાદવા અંગેની વિચારણા કરી રહ્યું છે.

### મધ્યસ્થતા પર ઈઝરાયલી રાજદૂતનું તડ અને ફડ

## પાકિસ્તાન વિશ્વાસપાત્ર નથી, અમેરિકાએ તેનો ઉપયોગ કર્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)જેરૂસાલેમ

મધ્ય પૂર્વમાં ૨ અઠવાડિયાના યુદ્ધવિરામ બાદ પણ વિસ્તારમાં તણાવ યથાવત છે. બંને પક્ષો તરફથી હુમલા થવાનો આરોપ લગાવવામાં આવતા હવે યુદ્ધવિરામ ભંગ થશે તેવી સ્થિતિ ઊભી થઈ છે. ઈરાને અમેરિકા પર યુદ્ધવિરામ કરારની ૩ શરતોનું ઉલ્લંઘન કરવાનો આરોપ પણ લગાવ્યો છે. તેનું કહેવું છે કે અમેરિકા સાથે યુદ્ધવિરામ અને વાતચીત ખોટી છે. આ દરમિયાન યુદ્ધને ખતમ કરવાને લઈને પાકિસ્તાનમાં બંને પક્ષો વચ્ચે વાતચીત થવાની છે. પરંતુ ઈઝરાયલને પાકિસ્તાનની મધ્યસ્થતાને લઈને શંકા છે. ભારતમાં ઈઝરાયેલના રાજદૂત, રૂવેન અઝારે અમેરિકા-ઈરાન વચ્ચે ચાલી રહેલી સંઘર્ષ વિરામ વાર્તામાં મધ્યસ્થ તરીકે પાકિસ્તાનની ભૂમિકા પર શંકા વ્યક્ત કરી છે. અઝારે ખાનગી સમાચાર એજન્સીને કહ્યું, અમે પાકિસ્તાનને એક વિશ્વસનીય ખેલાડી તરીકે જોતા નથી. તેમનું માનવું છે કે પાકિસ્તાનને સામેલ કરવા પાછળ વોશિંગ્ટનના પોતાના કારણો હોઈ શકે છે. તેમણે કહ્યું, અમેરિકાએ પોતાના કારણોસર પાકિસ્તાનની મધ્યસ્થતાનો ઉપયોગ કરવાનો નિર્ણય કર્યો છે.

મધ્યસ્થતાને લઈને પહેલાના પ્રયાસોનો ઉલ્લેખ કરતા ઈઝરાયલી દૂત અઝારે કહ્યું કે, અમેરિકાએ પહેલા પણ કરાર કરાવવા માટે કતાર અને તુર્કી જેવા સમસ્યારૂપ દેશો સાથે કામ કર્યું છે, જેમાં હમાસ જેવા સંગઠન સાથે થયેલા કરારો પણ સામેલ છે. તેમણે કહ્યું, તે અમારા માટે ખૂબ જ જરૂરી છે કે અમે અમેરિકા સાથે તાલમેલ બેસાડીને ચાલીએ, ખાસ કરીને જ્યારે વાત તે પરિણામોના મૂળ તત્વો અને સારની હોય, જે અમે જોવા માંગીએ છીએ. ભારતનો ઉલ્લેખ કરતા અઝારે કહ્યું, મને એ વાતથી પ્રોત્સાહન મળ્યું છે કે ભારત સરકારે નિવેદન જાહેર કર્યું, જેમાં તેમણે માંગ કરી છે કે હોર્મુઝ સ્ટ્રેટથી જહાજોની અવરજવર કોઈપણ અવરોધ વગર થવી જોઈએ. મને લાગે છે કે આ એકદમ યોગ્ય વલણ છે, અને ભારત સહિત કોઈપણ દેશ, ઈરાન સરકારની એ અતાર્કિક માંગ સામે ઝૂકવાના નથી કે હોર્મુઝ સ્ટ્રેટ પર પ્રતિબંધો લાદવામાં આવે. અઝારની આ ટિપ્પણી અમેરિકા અને ઈરાન વચ્ચે ૨ અઠવાડિયાના યુદ્ધવિરામની જાહેરાત બાદ આવી છે. આ સહમતિ હેઠળ, અમેરિકાના ઉપરાષ્ટ્ર પ્રમુખ જેડી વેન્સ આ અઠવાડિયાના અંતમાં એક લાંબા ગાળાની સમજૂતી સુનિશ્ચિત કરવાના ઉદ્દેશ્યથી મધ્યસ્થતા વાર્તા માટે પાકિસ્તાન જનારા પ્રતિનિધિમંડળનું નેતૃત્વ કરશે.

યુદ્ધવિરામ પર વાત કરતા અઝારે કહ્યું કે ઈઝરાયલને આશા છે કે આ વાતચીતના પરિણામ સ્વરૂપ ૨ અસ્તિત્વના જોખમો જેવા કે ઈરાનનો પરમાણુ કાર્યક્રમ અને તેની બેલેસ્ટિક મિસાઈલ ઉત્પાદન ક્ષમતાનો ખાતમો થઈ જશે. તેમનું કહેવું છે કે ઈઝરાયલનો ટાર્ગેટ ઈરાની શાસનને નબળું પાડીને ઈરાની લોકોને પોતાના ભવિષ્યને સુધારવાની તક આપવી હતો, અને તેમણે ભારપૂર્વક કહ્યું કે અમે તે પ્રાપ્ત કરી લીધું છે.

## ભારતે COP33ની મેજબાનીનો પ્રસ્તાવ પાછો ખેંચતા તર્કવિતર્ક

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ભારતે વર્ષ 2028માં યોજાનારા યુનાઈટેડ નેશનના વાર્ષિક આબોહવા પરિવર્તન સંમેલન COP33ની યજમાની કરવાનો પોતાનો પ્રસ્તાવ પાછો ખેંચી લીધો છે. વૈશ્વિક સ્તરે આ નિર્ણય ખૂબ જ મહત્ત્વનો માનવામાં આવી રહ્યો છે, કારણ કે ભારતે પોતે આ કાર્યક્રમ માટે પોતાની દાવેદારી રજૂ કરી હતી.વર્ષ 2023માં દુબઈ ખાતે યોજાયેલ COP28 દરમિયાન પીએમ મોદીએ પોતે આંતરરાષ્ટ્રીય મંચ પરથી પ્રસ્તાવ મૂક્યો હતો કે ભારત 2028માં COP33ની યજમાની કરવા ઈચ્છે છે. તે સમયે પીએમ મોદીએ આબોહવા પરિવર્તન સામેની વૈશ્વિક લડાઈમાં ભારતની વધતી જતી ભૂમિકા અને નેતૃત્વને રેખાંકિત કર્યું હતું. જોકે, હવે સત્તાવાર સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે કે ભારતે આંતરરાષ્ટ્રીય સંસ્થાઓને પોતાનો પ્રસ્તાવ પાછો ખેંચવાની જાણ કરી દીધી છે, પરંતુ આ પાછળનું ચોક્કસ કારણ હજુ સામે આવ્યું નથી.પર્યાવરણ મંત્રાલયે આ બાબતે હજુ સુધી કોઈ પ્રતિક્રિયા આપી નથી. નોંધનીય છે કે ભારત આ આયોજન માટે ખૂબ જ ગંભીર હતું અને જુલાઈ 2025માં મંત્રાલય દ્વારા ખાસ 'COP33 સેલ'ની રચના પણ કરવામાં આવી હતી, જેથી વર્ષ 2028ના શિખર સંમેલન માટે તમામ સાધન-સામગ્રી અને વ્યૂહનીતિ તૈયાર કરી શકાય.




# તંત્રી લેખ......

## પશ્ચિમ એશિયા - ઉકેલ વિના શાંતિ

અમેરિકા અને ઈરાન વચ્ચે જાહેર કરાયેલ નાજુક યુદ્ધવિરામ સંઘર્ષનો અંત નથી, પરંતુ પશ્ચિમ એશિયાના રાજકારણમાં બીજા જટિલ અને અનિશ્ચિત તબક્કાની શરૂઆત છે. પ્રગટ થતી ઘટનાઓ સ્પષ્ટ લશ્કરી વિજયનું પરિણામ નથી, પરંતુ રાજકીય દબાણ, વ્યૂહાત્મક ભૂલો અને બદલાતા વૈશ્વિક સમીકરણોનું સંયોજન છે.

યુદ્ધવિરામથી ઊર્જા પુરવઠા અને વૈશ્વિક અર્થતંત્રને તાત્કાલિક રાહત મળી હશે, પરંતુ તેના ઊંડા પરિણામો એવી પરિસ્થિતિ તરફ નિર્દેશ કરે છે જ્યાં ભારે લશ્કરી દબાણ છતાં ઈરાન પ્રમાણમાં મજબૂત બન્યો. આ સંઘર્ષના મૂળ ઈરાનના પરમાણુ કાર્યક્રમ અને તેના પ્રાદેશિક પ્રભાવ અંગે લાંબા સમયથી ચાલી આવતી ચિંતાઓમાં રહેલા છે. ઈઝરાયલ તેને તેના અસ્તિત્વ માટે ખતરો માનતો હતો અને ઈરાનની પરમાણુ ક્ષમતાઓને નબળી પાડવાના હેતુથી લશ્કરી કાર્યવાહીને વાજબી ઠેરવતો હતો. અમેરિકા સતત આ વ્યૂહરચનાનું સમર્થન કરતું રહ્યું છે, ખાસ કરીને ટ્રમ્પ યુગ દરમિયાન વધુ મજબૂત રીતે. વ્યાપક ધ્યેય ઈરાનની ઈસ્લામિક વ્યવસ્થાને નબળી પાડવાનો અથવા તો તેને બદલવાનો હતો.

એવું માનવામાં આવતું હતું કે બાહ્ય લશ્કરી દબાણ ઈરાનમાં અસંતોષ ઉભો કરશે અને જનતા સરકાર સામે ઉભા થશે. આ ધારણાથી વિપરીત, હુમલાઓએ ઈરાની સમાજમાં એક પ્રકારની એકતા બનાવી, અને લોકો સરકારની પાછળ ઉભા થયા. અપેક્ષાઓ પૂર્ણ કરવામાં યુદ્ધની નિષ્ફળતાએ અમેરિકાને તેની વ્યૂહરચના પર પુનર્વિચાર કરવાની ફરજ પાડી. ઈરાનની પરમાણુ ક્ષમતાઓનો નાશ થયો ન હતો, તેની રાજકીય વ્યવસ્થા અકબંધ રહી હતી, અને તેની લશ્કરી શક્તિ નિર્ણાયક રીતે નબળી પડી ન હતી. જેમ જેમ સંઘર્ષ આગળ વધતો ગયો તેમ તેમ યુનાઈટેડ સ્ટેટ્સનો ખર્ચ વધતો ગયો, માત્ર આર્થિક રીતે જ નહીં પણ રાજકીય રીતે પણ. યુનાઈટેડ સ્ટેટ્સમાં આગામી મધ્યસત્ર ચૂંટણીઓએ પરિસ્થિતિને વધુ વણસી.

ટ્રમ્પ વહીવટીતંત્ર માટે એવા યુદ્ધમાંથી બહાર નીકળવું અનિવાર્ય બની ગયું જે સ્થાનિક સ્તરે લોકપ્રિય ન હતું. ટ્રમ્પના સમર્થકોમાં પણ, સંઘર્ષ અંગે ચિંતા વધી રહી હતી. વધુમાં, ઈરાની નાગરિક માળખા પર હુમલો કરવાની ધમકીઓએ યુદ્ધ ગુનાઓ વિશે આંતરરાષ્ટ્રીય ચર્ચા શરૂ કરી, જેનાથી અમેરિકાની નૈતિક સ્થિતિ નબળી પડી. વર્તમાન વાતાવરણમાં, યુદ્ધવિરામ રાજદ્વારી સફળતા કરતાં વ્યૂહાત્મક જરૂરિયાત જેવું લાગે છે. આ પ્રક્રિયામાં પાકિસ્તાન અને ચીનની ઉભરતી ભૂમિકાઓ વૈશ્વિક રાજકારણમાં શક્તિ સંતુલનમાં પરિવર્તનને પણ પ્રતિબિંબિત કરે છે. મધ્યસ્થી તરીકે પાકિસ્તાનનો ઉદભવ નોંધપાત્ર છે. દરમિયાન, ચીનની ભૂમિકા માત્ર એક આર્થિક શક્તિ જ નહીં પરંતુ રાજદ્વારી બળ તરીકે પણ તેની સતત હાજરી દર્શાવે છે.

હોર્મુઝની સામુદ્રધુની આ વિકાસના એક મહત્વપૂર્ણ પાસાં તરીકે ઉભરી આવી. વિશ્વના લગભગ ૨૦ ટકા ઉર્જા સંસાધનો આ માર્ગ દ્વારા પરિવહન થાય છે. જો યુદ્ધવિરામ પછી પણ ઈરાન આ માર્ગ પર અસરકારક નિયંત્રણ જાળવી રાખે છે, તો તે શક્તિના વૈશ્વિક સંતુલનમાં મોટો ફેરફાર થશે. જો આ નિયંત્રણ ઔપચારિક રીતે જાહેર ન કરવામાં આવે તો પણ, જો જહાજોની અવરજવર ઈરાની દેખરેખ અથવા પરિસ્થિતિઓ હેઠળ થાય છે, તો તે ઈરાનની વ્યૂહાત્મક સ્થિતિને મજબૂત બનાવશે. શક્ય છે કે ઈરાન હોર્મુઝ સ્ટ્રેટમાંથી પસાર થતા જહાજો પર ટેરિફ લાદી શકે. આની સીધી અસર વૈશ્વિક તેલ બજાર પર પડશે. આનાથી તેલના ભાવમાં વધારો, પરિવહન ખર્ચમાં વધારો અને વીમા પ્રીમિયમમાં વધારો થઈ શકે છે, જે વૈશ્વિક અર્થતંત્ર પર અસર કરશે. આનાથી ભારત જેવા દેશ પર ગંભીર અસરો પડશે, જે તેની મોટાભાગની તેલ અને ગેસ જરૂરિયાતો આયાત કરે છે. ભારતે ખૂબ જ સંતુલિત રાજદ્વારી વ્યૂહરચના જાળવવી પડશે, કારણ કે તેના ઈરાન, ઈઝરાયલ અને યુનાઈટેડ સ્ટેટ્સ સાથેના સંબંધો મહત્વપૂર્ણ છે. યુદ્ધવિરામથી ભારતમાં રાજકીય ચર્ચા પણ શરૂ થઈ છે. કેટલાક વિપક્ષી નેતાઓ કહે છે કે આ સમગ્ર ઘટનામાં પાકિસ્તાને રાજદ્વારી લાભ મેળવ્યો છે. જ્યારે આ દલીલ અંશતઃ રાજકીય છે, એવા યુગમાં જ્યાં મધ્યમ શક્તિઓ પણ પ્રાદેશિક રાજકારણને પ્રભાવિત કરી રહી છે, ત્યારે ભારત માટે તેની રાજદ્વારી હાજરી મજબૂત કરવી જરૂરી છે. આ યુદ્ધવિરામ આપણને શીખવે છે કે જટિલ ભૂરાજકીય સમસ્યાઓ ફક્ત લશ્કરી બળ દ્વારા ઉકેલી શકાતી નથી.

સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની સામાન્ય ચૂંટણી-૨૦૨૬

# અમદાવાદમાં મતાધિકાર જાગૃતિ માટે 'સ્વેપ' અભિયાનમાં ૧૯૦૦ શાળાઓના ૧.૫ લાખ વિદ્યાર્થીઓ જોડાયા

### શિક્ષણ વિભાગની સરાહનીય પહેલ હેઠળ શતાયુ મતદારો અને યુવાઓ સાથે અમદાવાદમાં ગુંજશે ૧૦૦% મતદાનનો નાદ





અમદાવાદમાં આગામી સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની સામાન્ય ચૂંટણીમાં મહત્તમ મતદાન થાય તે હેતુથી શિક્ષણ વિભાગ દ્વારા એક વિશેષ જનજાગૃતિ મુહિમ છેડવામાં આવી છે. અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણાધિકારી અને 'સ્વેપ' (Systematic Voters' Awareness Plan) નોડલ અધિકારી શ્રી આર. એમ. ચૌધરીના સીધા માર્ગદર્શન હેઠળ શહેરની લગભગ ૧૯૦૦ શાળાઓમાં અભૂતપૂર્વ આયોજન કરવામાં આવ્યું છે, જેમાં ૧.૫ લાખથી વધુ વિદ્યાર્થીઓએ ચિત્ર અને નિબંધ સ્પર્ધામાં ઉત્સાહભેર ભાગ લીધો છે.

આ અભિયાન અંતર્ગત અમદાવાદની અનેક અગ્રણી શાળાઓમાં સાયકલ રેલી, સેલ્ફી પોઈન્ટ અને સિગ્નેચર કેમ્પિયન જેવા કાર્યક્રમો યોજાયા હતા.

આ મુહિમનું મુખ્ય આકર્ષણ NCC, NSS અને સ્કાઉટના વિદ્યાર્થીઓ છે, જેઓ પોતાના વિસ્તારના 'શતાયુ મતદારો' (૧૦૦ વર્ષથી વધુ વયના) કે જેમણે અત્યાર સુધીની તમામ ચૂંટણીઓમાં અચૂક મતદાન કર્યું છે, તેમનો સંપર્ક કરી તેમનો પ્રેરણાદાયી સંદેશ જન-જન સુધી પહોંચાડશે.

આગામી દિવસોમાં વિદ્યાર્થીઓ દ્વારા વાલીઓને મતદાન માટે ખાસ મેસેજ કરવા અને નવા યુવા મતદારોને લોકશાહીના આ પર્વમાં જોડવા માટે સઘન આયોજન કરવામાં આવ્યું છે.

'શિક્ષિત મતદાતા, સચેત મતદાતા' અને 'મારો મત, મારી તાકાત' જેવા સૂત્રો સાથે વિદ્યાર્થીઓએ પોસ્ટર રેલી યોજી તા. ૨૬ એપ્રિલ, ૨૦૨૬ના રોજ થનાર મતદાનમાં સૌને સહભાગી થવા અપીલ કરી હતી. કાર્યક્રમના અંતે તમામ વિદ્યાર્થીઓ, શિક્ષકો અને વાલીઓએ શત-પ્રતિશત મતદાન કરવાના સામૂહિક શપથ લીધા હતા. આ પ્રસંગે શ્રેષ્ઠ દેખાવ કરનાર વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરી, શિક્ષણ વિભાગે શાળાઓના માધ્યમથી ઘરે-ઘરે લોકશાહીના આ મહાપર્વનો સંદેશ પહોંચાડી રાષ્ટ્રનિર્માણમાં પોતાનું અમૂલ્ય યોગદાન આપ્યું છે.

અમદાવાદ મંડળમાં અપગ્રેડેશન મામલાઓ પર મહત્વપૂર્ણ ન્યાયિક નિર્ણય

# ૩ વર્ષથી લંબિત ૧૦ કેસનો એક મહિનામાં નિરાકરણ, ૩૨૧ કર્મચારીઓને પ્રમોશનનો લાભ

અમદાવાદ મંડળ હેઠળ કાર્યરત કેટલાક રેલવે કર્મચારીઓ દ્વારા વેતન મેટ્રિક્સના લેવલ-૭ થી લેવલ-૮માં અપગ્રેડેશન માટે બહાર પાડવામાં આવેલી પાત્રતા યાદીને પડકારતા, કેન્દ્રીય વહીવટી અધિકરણ (Central Administrative Tribunal – CAT), અમદાવાદ સમક્ષ કુલ ૧૦ મૂળ આવેદન (Original Applications) રજૂ કરવામાં આવ્યા હતા. આ તમામ કેસો લગભગ ત્રણ વર્ષથી લંબિત હતા, જેના કારણે સંબંધિત કર્મચારીઓમાં અનિશ્ચિતતા સર્જાઈ હતી.

મંડળ રેલ પ્રબંધક શ્રી વેદ પ્રકાશના માર્ગદર્શન હેઠળ તથા વરિષ્ઠ મંડળ કાર્મીક અધિકારી શ્રી સિદ્ધાર્થ અને કાયદા અધિકારી શ્રી મુકેશ શ્રીવાસ્તવ તથા તેમની ટીમના સંયુક્ત પ્રયત્નોથી આ કેસોના ઝડપી નિરાકરણ માટે વિશેષ પહેલ કરવામાં આવી. જેના પરિણામે બંને પક્ષોની નિષ્પક્ષ દલીલો બાદ તમામ ૧૦ કેસોનો નિર્ણય માત્ર એક મહિનામાં કરવામાં આવ્યો.

રેલવે બોર્ડના પત્ર મુજબ કેટલીક શ્રેણીઓમાં ૫૦% પદોને લેવલ-૭ થી લેવલ-૮માં અપગ્રેડ કરવામાં આવ્યા હતા. આ પ્રક્રિયા હેઠળ પાત્ર કર્મચારીઓ માટે પસંદગી/પાત્રતા યાદી જાહેર કરવામાં આવી હતી. કેટલાક કર્મચારીઓએ દલીલ કરી હતી કે આ માત્ર આર્થિક લાભ (Financial Upgradation) છે, તેથી તેમાં આરક્ષણ (Reservation) લાગુ ન થવું જોઈએ. આ આધાર પર પાત્રતા યાદીને CATમાં પડકારવામાં આવી હતી. માનનીય CAT, અમદાવાદે ૦૬.૦૪.૨૦૨૬ના પોતાના આદેશમાં સ્પષ્ટ કર્યું કે આ અપગ્રેડેશન માત્ર વેતન વૃદ્ધિ નથી, પરંતુ તેમાં પ્રમોશનની તમામ જરૂરી લક્ષણો સામેલ છે, તેથી તેને પ્રમોશન તરીકે જ માનવામાં આવશે.

લેવલ-૭ થી લેવલ-૮નું આ અપગ્રેડેશન "સામાન્ય આર્થિક ઉન્નતિ" નથી, પરંતુ "કેડર રીસ્ટ્રક્ચરિંગ દ્વારા પ્રમોશન (Promotion through Cadre Restructuring)" છે. તેથી આ પ્રક્રિયામાં આરક્ષણના નિયમો લાગુ રહેશે.

આ નિર્ણય એક મહત્વપૂર્ણ 'લેન્ડમાર્ક જજમેન્ટ' તરીકે સામે આવ્યો છે, જેનાથી માત્ર અમદાવાદ મંડળ જ નહીં પરંતુ સમગ્ર પશ્ચિમ રેલવે ઝોન તથા ભારતીય રેલવેના કર્મચારીઓને માર્ગદર્શન અને લાભ મળશે. આ નિર્ણય ભવિષ્યમાં આવા તમામ કેસો માટે સ્પષ્ટ દિશા નક્કી કરશે. નિર્ણય પ્રાપ્ત થતાં જ અમદાવાદ મંડળના કાર્મીક વિભાગ દ્વારા તાત્કાલિક પગલાં લઈ તમામ ૧૦ કેસોના આદેશોનું એક જ દિવસે સંપૂર્ણ અને અસરકારક અમલીકરણ સુનિશ્ચિત કરવામાં આવ્યું.

આ મહત્વપૂર્ણ નિર્ણયના પરિણામે અમદાવાદ મંડળની ૧૦ વિવિધ શ્રેણીઓમાં કુલ ૩૨૧ કર્મચારીઓને લેવલ-૮માં પ્રમોશનનો લાભ મળ્યો છે.

# ભાગીદારીમાં વિશ્વાસઘાત! : શેરબજારમાં ઊંચું રિટર્ન અપાવવાના બહાને કરોડોનો ચૂનો

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદમાં શેરબજારમાં ઈન્વેસ્ટ કરી ઊંચું રિટર્ન અપાવવાના બહાને કરોડો રૂપિયાની છેતરપિંડીનો વધુ એક કિસ્સો સામે આવ્યો છે. ભેજાબાજ ગઠિયાઓએ એક કંપનીના માલિક અને તેમની પત્નીના મ્યુચ્યુઅલ ફંડ પર લોન લેવડાવીને તે રકમ શેરબજારમાં રોકાણ કરવાના નામે પોતાના ખાતામાં ટ્રાન્સફર કરાવી લીધી હતી. ત્યારબાદ રોકાણના નામે એક પ્રખ્યાત બ્રોકરેજ કંપનીના ખોટા લેટરપેડ અને લેજરો બનાવીને આશરે રૂ. ૧.૦૭ કરોડની છેતરપિંડી આચરી હોવાની પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવી છે. આ અંગે મળતી માહિતી મુજબ, નારોલ ખાતે રહેતા ૪૯ વર્ષીય નીતિન સત્યવીર સિંઘે ફરિયાદ નોંધાવી છે. તેઓ છેલ્લા ૧૪ વર્ષથી સિંધુભવન રોડ પર આવેલી એક કંપનીમાં ઓપરેશન મેનેજર તરીકે નોકરી કરે છે. તેમની કંપનીના માલિક અને તેમના પત્ની સાથે આ છેતરપિંડીની ઘટના બની છે. વિવેક અગ્રવાલે પોતાના વતી કાયદેસરની કાર્યવાહી કરવા માટે નીતિનભાઈને પાવર ઓફ એટર્ની આપી હોવાથી, નીતિનભાઈએ એમ.પી. ફિનકોર્પ સર્વિસીસના ભાગીદારો સામે ફરિયાદ નોંધાવી છે કે આરોપીઓએ ષડયંત્ર રચીને તેમના બોસના લાખો રૂપિયા પડાવી લીધા છે અને વિશ્વાસઘાત કર્યો છે. આરોપી મિહિર જીતેન્દ્રભાઈ પરીખ (રહે. ઈસ્કોન સેટેલાઈટ) સાથે ફરિયાદીના માલિકનો અગાઉથી પરિચય હતો. જૂન ૨૦૨૫માં મિહિર પરીખે ફરિયાદીના માલિકને લાલચ આપી હતી કે જો તેઓ પોતાની મ્યુચ્યુઅલ ફંડની રકમ પર લોન લઈને તે નાણાં તેમની કંપની મારફતે શેરબજારમાં રોકાણ કરશે, તો વાર્ષિક ૧૫ થી ૨૦ ટકા જેટલું ઊંચું વળતર મળશે. આ વાતોમાં આવીને માલિક અને તેમની પત્નીએ મ્યુચ્યુઅલ ફંડ પર લોન લીધી અને કુલ રૂ. ૧,૩૪,૦૦,૦૦૦ આરોપીની કંપની એમ.પી. ફિનકોર્પ સર્વિસીસના બેંક ખાતામાં જમા કરાવ્યા. થોડા સમય બાદ રૂપિયા પાછા માંગતા આરોપી મિહિર પરીખે બહાના કાઢ્યા અને શેરબજારના ખોટા લેટરહેડવાળા પીડીએફ સ્ટોક લેજરો પધરાવી દીધા. જ્યારે શેરબજારની કંપનીમાં તપાસ કરી ત્યારે જાણવા મળ્યું કે ત્યાં તેમનું કોઈ ખાતું જ નથી. આરોપીઓએ વિશ્વાસમાં લેવા માટે પેઢી અને અન્ય નામે આપેલા સિક્યુરિટી ચેકો પણ બેંકમાં બાઉન્સ થયા હતા.

સુરત ટેક્સટાઈલ ઉદ્યોગ ફરી ધમધમશે!

# પલાયન થયેલા શ્રમિકોને પરત લાવવા માટે ઉદ્યોગકારોએ ગાડીઓ મોકલી

### ગેસ સિલિન્ડર પુરવઠો શરૂ થવાના સંકેતો મળતા સુરતના ઉદ્યોગકારોએ શ્રમિકોને પરત લાવવા અભિયાન શરૂ કર્યું

(સંપૂર્ણ સમાચાર સેવા)સુરત

છેલ્લા કેટલાક દિવસોથી ગંભીર પડકારોનો સામનો કરી રહેલી વિશ્વપ્રસિદ્ધ સુરત ટેક્સટાઈલ હબ અંગે હાલ રાહતના સમાચાર સામે આવી રહ્યા છે. ઈરાન-અમેરિકા વચ્ચે વધેલા તણાવના કારણે ગેસ અને ક્રૂડના ભાવમાં અચાનક વધારો થતાં ટેક્સટાઈલ ક્ષેત્રે ઉત્પાદન ખર્ચ વધી ગયો હતો, જેના કારણે અનેક ટેક્સટાઈલ યુનિટ્સ પર અસર પડી હતી. જેના કારણે શ્રમિકોના મોટા પાયે પલાયન થવાથી ઉદ્યોગને ડબલ ઝટકો લાગ્યો હતો. જોકે હવે સુરત ટેક્સટાઈલ ઉદ્યોગ ફરી ધમધમશે તેવા શુભ સંકેત સામે આવી રહ્યા છે.

મીડલ ઈસ્ટમાં યુદ્ધને કારણે સુરતમાં અંદાજે ૨.૫૦ લાખ જેટલા શ્રમિકો પોતાના વતન તરફ પરત ફરતાં, અનેક ફેક્ટરીઓમાં મશીનો ઠપ્પ થઈ ગયા છે. પરંતુ હવે પરિસ્થિતિમાં સુધારાના સંકેતો મળી રહ્યા છે. અમેરિકા-ઈરાન વચ્ચે ૧૫ દિવસના સીઝફાયર બાદ આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડના ભાવમાં ઘટાડો નોંધાતાં ઉદ્યોગકારોને થોડી રાહત મળી છે. આ સાથે જ ગેસ સપ્લાયની સમસ્યા હળવી બનાવવા માટે સરકાર તરફથી પણ આશ્વાસન આપવામાં આવ્યું છે. સુરતના ઉદ્યોગકારો હવે પરિસ્થિતિને ફરી પાટા પર લાવવા માટે સક્રિય બન્યા છે. સાઉથ ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ અને ફેડરેશન ઓફ ગુજરાત વીવર્સ એસોસિએશન (FOGWA) દ્વારા શ્રમિકોને પરત લાવવા માટે વિશેષ અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. ઉદ્યોગકારો શ્રમિકોને 'દીકરા સમાન' ગણાવી તેમના માટે પોતે જ ગાડીઓ મોકલીને ઘરે લાવવા તૈયાર થયા છે. ખાનગી બસોની વ્યવસ્થા પણ કરવામાં આવી રહી છે, જેથી શ્રમિકો સરળતાથી સુરત પરત આવી શકે. ગેસની અછત દૂર કરવા માટે ઉદ્યોગકારોએ ૧૫,૦૦૦ ગેસ સિલિન્ડરની માંગણી કરી છે. જેમાંથી તાત્કાલિક ૨,૨૦૦થી ૨,૫૦૦ સિલિન્ડરની જરૂરિયાત જણાઈ રહી છે. આ માટે જિલ્લા કલેક્ટર કચેરી દ્વારા ફેક્ટરીઓને ગેસ વિતરણની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે, જે ઉદ્યોગ માટે મહત્વપૂર્ણ પગલું માનવામાં આવી રહ્યું છે. ઉદ્યોગકારો અને પ્રશાસન વચ્ચેના સંકલનથી હાલ પરિસ્થિતિ ધીમે ધીમે સુધરતી નજરે પડી રહી છે. ટેક્સટાઈલ યુનિટ્સને ફરી પૂર્ણ ક્ષમતાથી શરૂ કરવા માટે તૈયારી શરૂ થઈ ગઈ છે. જો શ્રમિકો ઝડપથી પરત ફરશે અને ગેસ સપ્લાય સ્થિર રહેશે, તો સુરતનો ટેક્સટાઈલ ઉદ્યોગ ફરી એકવાર ગતિ પકડશે એવી આશા વ્યક્ત કરવામાં આવી રહી છે. આ સમગ્ર ઘટનાક્રમમાં એક સકારાત્મક પાસું એ પણ છે કે ઉદ્યોગકારોએ શ્રમિકો પ્રત્યે માનવતાભર્યું વલણ અપનાવ્યું છે. તેમને પરિવારના સભ્ય સમાન માનતાં ઉદ્યોગકારો દ્વારા કરવામાં આવેલા પ્રયાસો ઉદ્યોગ અને શ્રમિકો વચ્ચેના સંબંધોને વધુ મજબૂત બનાવશે. આ રીતે, અનેક પડકારો વચ્ચે પણ સુરતનો ટેક્સટાઈલ ઉદ્યોગ ફરી ઉભરાઈને આગળ વધવા માટે તૈયાર થઈ રહ્યો છે.

### ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ

માર્કેટયાર્ડ ખેડ-તસીયા રોડ હિંમતનગર ફોન :

ભાવ ૨૦ કીલો મુજબ - તારીખ મુજબ આવક માલ ભાવ - ગુરૂવાર, ૦૯/૦૪/૨૦૨૬

| અં.નં. | આઇટમ વિગત | આવક | નીચો ભાવ | ઉચો ભાવ |
|---|---|---|---|---|
| ૧ | ઘઉં | ૩૮૯૦ | ૪૪૦.૦૦ | ૭૧૩.૦૦ |
| ૨ | મગફળી | ૦ | ૧,૦૦૦.૦૦ | ૧,૪૫૦.૦૦ |
| ૩ | એરંડા | ૨૩૩ | ૧,૨૫૦.૦૦ | ૧,૨૬૦.૦૦ |
| ૪ | તલ | ૫ | ૬૦૦.૦૦ | ૧,૫૦૦.૦૦ |
| ૫ | બાજરી | ૦ | ૪૦૦.૦૦ | ૪૫૦.૦૦ |
| ૬ | મકાઇ | ૩૦૦ | ૩૪૮.૦૦ | ૪૪૧.૦૦ |
| ૭ | ચણા | ૧૦૦ | ૧,૦૩૪.૦૦ | ૧,૨૩૫.૦૦ |
| ૮ | ચણા (કાબુલી ) | ૧૦૬ | ૧,૪૫૦.૦૦ | ૧,૭૧૬.૦૦ |
| ૯ | તુવર | ૨૦ | ૯૫૦.૦૦ | ૧,૦૭૩.૦૦ |
| ૧૦ | તમાકુ | ૪૭૫૨ | ૧,૩૧૦.૦૦ | ૨,૨૦૦.૦૦ |
| ૧૧ | તમાકુ (ગારીયુ) | ૧૩૭૩ | ૮૨૫.૦૦ | ૧,૨૦૦.૦૦ |
| ૧૨ | સોયાબીન | ૨૦ | ૧,૦૩૦.૦૦ | ૧,૦૬૫.૦૦ |

# વડોદરા – મઉ સ્પેશિયલ ટ્રેનના માર્ગ અને સમયમાં સુધારો

પશ્ચિમ રેલવે દ્વારા મુસાફરોની સુવિધા અને વધારાની ભીડને સમાયોજિત કરવાના ઉદ્દેશ્યથી વડોદરા મંડળથી વડોદરા - મઉ સ્પેશિયલ ટ્રેનનું સંચાલન કરવામાં આવી રહ્યું છે. ઉત્તર રેલવેના લખનૌ મંડળમાં કાનપુર સેન્ટ્રલ - કાનપુર બ્રિજ લેફ્ટ બેંક વચ્ચે 'મેગા બ્લોક' ના કારણે આ ટ્રેનના માર્ગ અને સમયમાં સુધારો કરવામાં આવ્યો છે. આ ટ્રેન ૧૧ એપ્રિલ ૨૦૨૬ થી વડોદરા જંકશનને બદલે પ્રતાપનગરથી શરૂ અને સમાપ્ત થશે.

વડોદરા મંડળના જનસંપર્ક અધિકારી શ્રી અનુભવ સક્સેના દ્વારા જાહેર કરવામાં આવેલી એક અખબારી યાદી મુજબ, આ ટ્રેન ટુંડલા, કાનપુર સેન્ટ્રલ, લખનૌ, સુલતાનપુરના બદલે ટુંડલા, ગોવિંદપુરી, પ્રયાગરાજ, જ્ઞાનપુર રોડ, બનારસ, ઔંરિહારના પરિવર્તિત માર્ગ પર દોડશે. આ ટ્રેન ૧૧ એપ્રિલ, ૨૦૨૬ થી વડોદરા-મઉ-વડોદરાને બદલે પ્રતાપનગર-મઉ-પ્રતાપનગર વચ્ચે સંચાલિત થશે.

- ટ્રેન સંખ્યા ૦૯૧૯૫/ ૦૯૧૯૬ પ્રતાપનગર – મઉ સાપ્તાહિક સ્પેશિયલ

ટ્રેન સંખ્યા ૦૯૧૯૫ પ્રતાપનગર-મઉ સુપરફાસ્ટ સ્પેશિયલ દર શનિવારે ૧૬.૦૦ કલાકે પ્રતાપનગરથી પ્રસ્થાન કરશે અને બીજા દિવસે ૧૮:૦૦ કલાકે મઉ પહોંચશે. આ ટ્રેન ૧૧ એપ્રિલ ૨૦૨૬ થી ૨૫ જુલાઈ, ૨૦૨૬ સુધી લંબાવવામાં આવી છે. તેવી જ રીતે, ટ્રેન સંખ્યા ૦૯૧૯૬ મઉ-પ્રતાપનગર સુપરફાસ્ટ સ્પેશિયલ મઉથી દર રવિવારે ૨૩.૨૫ કલાકે પ્રસ્થાન કરશે અને મંગળવારે ૦૩.૧૫ કલાકે પ્રતાપનગર પહોંચશે. આ ટ્રેન ૧૨ એપ્રિલ ૨૦૨૬ થી ૨૬ જુલાઈ, ૨૦૨૬ સુધી લંબાવવામાં આવી છે.

માર્ગમાં આ ટ્રેન બંને દિશામાં વડોદરા, ગોધરા, દાહોદ, રતલામ જંકશન, કોટા જંકશન, ગંગાપુર સિટી, બયાના જંકશન, રૂપવાસ, આગ્રા કેન્ટ, ફતેહાબાદ, ભાભર, ઈટાવા, ગોવિંદપુરી, પ્રયાગરાજ જંકશન, જ્ઞાનપુર રોડ, બનારસ, વારાણસી અને ઔંરિહાર સ્ટેશનો પર ઉભી રહેશે.

ટ્રેનના સ્ટોપેજ, સમય અને સંરચના વિશે વિગતવાર માહિતી માટે મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.in પર જઈને અવલોકન કરી શકે છે.

# ટ્રેક નવીનીકરણ કાર્ય માટે લેવલ ક્રોસિંગ નંબર ૧૦૯ (પીપલી–વરાહી) પર ૧૨ દિવસ માટે માર્ગ વાહન વ્યવહાર અસ્થાયી રૂપે બંધ રહેશે

અમદાવાદ મંડળ અંતર્ગત રેલ સુરક્ષા અને આધુનિકીકરણને ધ્યાનમાં રાખીને પીપલી–વરાહી ખાંડ પર રેલ કિમી ૧૨૭/૧-૨ પર આવેલ લેવલ ક્રોસિંગ નંબર ૧૦૯ પર ટ્રેક નવીનીકરણ કાર્ય હાથ ધરવામાં આવશે. આ કાર્યને કારણે માર્ગ વાહન વ્યવહારને તા. ૧૧ એપ્રિલ, ૨૦૨૬ના સવારે ૦૭:૦૦ વાગ્યાથી તા. ૨૨ એપ્રિલ, ૨૦૨૬ના રાત્રે ૨૨:૦૦ વાગ્યા સુધી (કુલ ૧૨ દિવસ) માટે અસ્થાયી રૂપે બંધ રાખવામાં આવશે.યાત્રીઓ અને માર્ગ ઉપયોગકર્તાઓની સુરક્ષાને ધ્યાનમાં રાખીને આ સમયગાળા દરમિયાન માર્ગ વાહન વ્યવહારને રેલ કિમી ૧૨૮/૨-૩ પર આવેલ લેવલ ક્રોસિંગ નંબર ૧૧૧ (પીપલી–વરાહી) મારફતે ડાયવર્ટ કરવામાં આવશે.

ટ્રેક નવીનીકરણ કાર્ય પૂર્ણ થવાથી રેલ સુરક્ષામાં વધારો થશે, અકસ્માતોની સંભાવના ઘટશે તેમજ ટ્રેનોનું સંચાલન વધુ સુવ્યવસ્થિત અને સમયસર થઈ શકશે. ઉપરાંત ટ્રેકની ગુણવત્તામાં સુધારાથી જાળવણીની જરૂરિયાત ઘટશે અને યાત્રીઓ તેમજ માર્ગ ઉપયોગકર્તાઓને વધુ સુરક્ષિત અને ઉત્તમ સુવિધાઓ પ્રાપ્ત થશે.

રેલવે પ્રશાસન દ્વારા સામાન્ય જનતાને અપીલ કરવામાં આવે છે કે તેઓ દર્શાવેલ સમયગાળા દરમિયાન નિર્ધારિત વૈકલ્પિક માર્ગનો ઉપયોગ કરે અને સહકાર આપે, જેથી કાર્ય સુચારુ રીતે પૂર્ણ થઈ શકે અને કોઈપણ પ્રકારની અસુવિધાથી બચી શકાય.

ગરવી ગુજરાત




ગરવી ગુજરાત

- એક શુભેચ્છક

RNI No. GUJGUJ/2008/26148 Printed, Published & Owned by AJAYKUMAR RAMANLAL PRAJAPATI and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004 (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002 and Published from TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005. Editor : AJAYKUMAR RAMANLAL PRAJAPATI
Rage.Office: TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005 Gujarat,India. Phone : (O) 9016333307(M)9328333307,9825333307
Email : garvigujarat2007@gmail.com • garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in

# ડેઈલી માર્કેટ રિપોર્ટઃ સોના-ચાંદીના વાયદામાં સામસામા રાહઃ સોનાનો વાયદો રૂ.૭૧૨ વધ્યો, ચાંદીનો વાયદો રૂ.૧૪૩૫ ઘટ્યો

## ક્રૂડ તેલના વાયદામાં રૂ.૩૩૯નો ઉછાળોઃ કોમોડિટી વાયદાઓમાં રૂ.૨૧૨૮૬.૬૪ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૧૧૧૯૯૫.૪૩ કરોડનું ટર્નઓવરઃ સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૧૪૦૮૭.૮૧ કરોડનાં કામકાજઃ બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ વાયદો ૩૬૧૬૬ પોઈન્ટના સ્તરે




મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ તથા ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં રૂ.૧૩૩૨૮૨.૫૧ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૨૧૨૮૬.૬૪ કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં રૂ.૧૧૧૯૯૫.૪૩ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ એપ્રિલ વાયદો ૩૬૧૬૬ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.૨૯૭૫.૯૭ કરોડનું થયું હતું.

કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૧૪૦૮૭.૮૧ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું જૂન વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૫૦૬૪૭ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૫૨૫૭૮ અને નીચામાં રૂ.૧૫૦૬૪૭ના સ્તરને સ્પર્શી, રૂ.૧૫૧૭૭૬ના આગલા બંધ સામે રૂ.૭૧૨ વધી રૂ.૧૫૨૪૮૮ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ગોલ્ડ-ગિની એપ્રિલ વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૩૬૮ વધી રૂ.૧૨૧૮૭૪ના સ્તરે પહોંચ્યો હતો. ગોલ્ડ-પેટલ એપ્રિલ વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૪૪ વધી રૂ.૧૫૨૬૮ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. સોનું-મિની મે વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૬૯૧ વધી રૂ.૧૫૧૧૦૦ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ગોલ્ડ-ટેન એપ્રિલ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૪૯૨૮૫ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૫૨૭૫૮ અને નીચામાં રૂ.૧૪૯૨૮૫ના સ્તરને સ્પર્શી, રૂ.૧૫૦૭૫૮ના આગલા બંધ સામે રૂ.૭૩૮ વધી રૂ.૧૫૧૪૯૬ થયો હતો. ચાંદીના વાયદાઓમાં ચાંદી મે વાયદો કિલોદીઠ રૂ.૨૩૫૮૫૦ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૨૩૮૪૯૦ અને નીચામાં રૂ.૨૩૫૧૩૩ના મથાળે અથડાઈ, રૂ.૨૩૯૯૧૮ના આગલા બંધ સામે રૂ.૧૪૩૫ ઘટી રૂ.૨૩૮૪૮૩ના સ્તરે પહોંચ્યો હતો. કિલોદીઠ ચાંદી-મિની એપ્રિલ વાયદો રૂ.૧૬૦૬ ઘટી રૂ.૨૪૦૮૯૮ના સ્તરે પહોંચ્યો હતો. ચાંદી-માઈક્રો એપ્રિલ વાયદો રૂ.૧૫૫૫ ઘટી રૂ.૨૪૦૯૯૪ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓમાં રૂ. ૧૩૪૯.૫૪ કરોડનાં કામકાજ થયાં હતાં. કિલોદીઠ તાંબું એપ્રિલ વાયદો રૂ.૩.૭ ઘટી રૂ.૧૧૮૪.૦૫ના ભાવે બોલાયો હતો. જસત એપ્રિલ વાયદો ૪૦ પૈસા ઘટી રૂ.૩૨૮.૧ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલ્યુમિનિયમ એપ્રિલ વાયદો ૨૫ પૈસા ઘટી રૂ.૩૫૪.૬ના સ્તરે પહોંચ્યો હતો. સીસું એપ્રિલ વાયદો રૂ.૧.૬ ઘટી રૂ.૧૯૪.૧૫ થયો હતો.

એનર્જી સેગમેન્ટમાં રૂ. ૫૫૯૫.૬૭ કરોડનાં કામકાજ થયાં હતાં.

એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી એપ્રિલ વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.૪૯૨૬ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૫૧૦૦ અને નીચામાં રૂ.૪૮૯૧ના મથાળે અથડાઈ, રૂ.૮૯ વધી રૂ.૪૯૯૪ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ક્રૂડ તેલ એપ્રિલ વાયદો બેરલદીઠ રૂ.૯૦૩૦ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૯૨૯૨ અને નીચામાં રૂ.૯૦૨૧ના મથાળે અથડાઈ, રૂ.૮૮૬૧ના આગલા બંધ સામે રૂ.૩૩૯ વધી રૂ.૯૨૦૦ના સ્તરે પહોંચ્યો હતો. ક્રૂડ તેલ-મિની એપ્રિલ વાયદો રૂ.૩૩૯ વધી રૂ.૯૧૯૯ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. નેચરલ ગેસ એપ્રિલ વાયદો એમએમબીટીયુદીઠ રૂ.૧.૭ વધી રૂ.૨૫૬ થયો હતો. નેચરલ ગેસ-મિની એપ્રિલ વાયદો રૂ.૧.૪ વધી રૂ.૨૫૬ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ એપ્રિલ વાયદો કિલોદીઠ રૂ.૧૦૨૦ના ભાવે ખૂલી, રૂ.૨.૪ વધી રૂ.૧૦૦૧ થયો હતો. કોટન એપ્રિલ વાયદો રૂ.૭૦ વધી રૂ.૨૮૪૦૦ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલચી એપ્રિલ વાયદો કિલોદીઠ રૂ.૨૬૫૨ના ભાવે ખૂલી, રૂ.૧૧ ઘટી રૂ.૨૬૫૦ના સ્તરે પહોંચ્યો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં રૂ. ૯૩૬૭.૬૪ કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ. ૪૭૨૦.૧૭ કરોડનાં કામકાજ થયાં હતાં. તાંબાંના વાયદાઓમાં રૂ. ૮૯૧.૨૪ કરોડ, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીના વાયદાઓમાં રૂ. ૨૦૯.૦૧ કરોડ, સીસું અને સીસું-મિનીના વાયદાઓમાં રૂ. ૨૪.૩૭ કરોડ, જસત અને જસત-મિનીના વાયદાઓમાં રૂ. ૨૨૦.૨૭ કરોડનાં કામકાજ થયાં હતાં.

ઈલેક્ટ્રિસિટીના વાયદામાં રૂ. ૩૭.૭૮ કરોડનાં કામકાજ થયાં હતાં. ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિનીના વાયદાઓમાં રૂ. ૪૪૦૪.૪૭ કરોડનાં કામકાજ થયાં હતાં. નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિનીના વાયદાઓમાં રૂ. ૧૧૫૩.૪૧ કરોડનાં કામ થયાં હતાં. મેન્થા તેલના વાયદામાં રૂ. ૫.૬૬ કરોડનાં કામ થયાં હતાં. કોટન-ખાંડીના વાયદામાં રૂ. ૦.૭૧ કરોડનાં કામ થયાં હતાં. એલચીના વાયદામાં રૂ. ૦.૨૭ કરોડનાં કામ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ સોનાના વાયદાઓમાં ૮૫૪૮ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૫૦૬૧૦ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૨૫૩૯૮ લોટ, ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૩૭૬૮૯૪ લોટ અને ગોલ્ડ-ટેનના વાયદાઓમાં ૫૫૪૪૦ લોટના સ્તરે હતો. ચાંદીના વાયદાઓમાં ૭૦૫૯ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૨૦૪૪૬ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૮૦૩૯૯ લોટના સ્તરે રહ્યો હતો. ઈલેક્ટ્રિસિટીના વાયદાઓમાં ૧૪૪૪ લોટ, ક્રૂડ તેલના વાયદાઓમાં ૧૬૦૬૯ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૪૫૬૪૫ લોટના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, બુલડેક્સ એપ્રિલ વાયદો ૩૬૧૯૯ પોઈન્ટના સ્તરે ખૂલી, ઉપરમાં ૩૬૧૯૯ પોઈન્ટના સ્તર અને નીચામાં ૩૬૧૬૬ પોઈન્ટના સ્તરને સ્પર્શી, ૩૯૮ પોઈન્ટ ઘટી ૩૬૧૬૬ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો.

કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ એપ્રિલ રૂ.૧૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૮૦.૫ વધી રૂ.૩૦૨.૪ થયો હતો. જ્યારે નેચરલ ગેસ એપ્રિલ રૂ.૨૬૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ ૧૫ પૈસા વધી રૂ.૯.૪ થયો હતો.

સોનું એપ્રિલ રૂ.૧૭૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૪૬.૫ ઘટી રૂ.૩૯૪ના ભાવે બોલાયો હતો. આ સામે ચાંદી એપ્રિલ રૂ.૩૦૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૪૯ ઘટી રૂ.૫૬૩ના ભાવે બોલાયો હતો. તાંબું એપ્રિલ રૂ.૧૨૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૨.૫૧ ઘટી રૂ.૧૭.૧૧ના ભાવે બોલાયો હતો. જસત એપ્રિલ રૂ.૩૩૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૨.૩૨ ઘટી રૂ.૪.૦૧ના ભાવે બોલાયો હતો.

મિની કોલ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની એપ્રિલ રૂ.૧૧૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૩૬.૮૫ વધી રૂ.૧૪૭.૦૫ના ભાવે બોલાયો હતો. નેચરલ ગેસ-મિની એપ્રિલ રૂ.૨૬૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ ૩૦ પૈસા વધી રૂ.૯.૮૫ના ભાવે બોલાયો હતો. સોનું-મિની એપ્રિલ રૂ.૧૬૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૧.૫ ઘટી રૂ.૧૧૬૨ થયો હતો. ચાંદી-મિની એપ્રિલ રૂ.૩૦૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૬૬ ઘટી રૂ.૫૪૦ થયો હતો.

પુટ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ એપ્રિલ રૂ.૮૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૬૯.૪ ઘટી રૂ.૯૯.૬ના ભાવે બોલાયો હતો. જ્યારે નેચરલ ગેસ એપ્રિલ રૂ.૨૫૫ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૧.૭ ઘટી રૂ.૧૦.૨૫ થયો હતો.

સોનું એપ્રિલ રૂ.૧૪૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૧૨૪ ઘટી રૂ.૧૦૭૦ના ભાવે બોલાયો હતો. આ સામે ચાંદી એપ્રિલ રૂ.૧૮૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૨૬ ઘટી રૂ.૫૨૮.૫ થયો હતો. તાંબું એપ્રિલ રૂ.૧૧૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ ૪ પૈસા વધી રૂ.૪.૭૧ થયો હતો. જસત એપ્રિલ રૂ.૩૨૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૧.૦૧ વધી રૂ.૨.૮ થયો હતો.

મિની પુટ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની એપ્રિલ રૂ.૯૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૧૭૯.૩૫ ઘટી રૂ.૪૫૨.૮ થયો હતો. નેચરલ ગેસ-મિની એપ્રિલ રૂ.૨૫૫ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૧.૫ ઘટી રૂ.૧૦.૬ના ભાવે બોલાયો હતો. સોનું-મિની એપ્રિલ રૂ.૧૫૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૩૧૫.૫ ઘટી રૂ.૩૭૪૨ના ભાવે બોલાયો હતો. ચાંદી-મિની એપ્રિલ રૂ.૨૦૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૧૪૪ ઘટી રૂ.૧૨૧૦.૫ના ભાવે બોલાયો હતો.

### સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓ ટાંણે ભાજપની મુશ્કેલીમાં વધારો

# સાબરકાંઠા જિલ્લાના હિંમતનગરમાં ફરી હુડાનુ ભુત ધુણ્યું : વહિવટી વિસંગતતાઓ દુર નહી કરાય તો ચુંટણી બહિષ્કારની ચીમકી

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ



ગુજરાતમાં સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓનો માહોલ જામ્યો છે. તો કેટલાક ઠેંકાણે ભાજપના નેતાઓ કોંગ્રેસમાં જોડાતા તો કેટલાક નેતાઓ આમ આદમી પાર્ટીમાં જોડાતા તો કેટલાક નેતાઓ ભાજપમાં પણ જોડાઈ રહ્યા છે. સાથે સાથે સાબરકાંઠા જિલ્લાની જિલ્લા પંચાયત, નગરપાલિકા અને તાલુકા પંચાયતોની ચુંટણીઓ યોજાવવાની છે. ત્યારે જિલ્લાના મુખ્યમથક હિંમતનગરમાં હુડાના નિર્ણયને સરકાર દ્વારા ૪ મહિના અગાઉ સ્થગિત કરવામાં આવ્યો હતો. જે બાદ ૧૧ ગામના ખેડુતોનુ આંદોલન શાંત પડયુ હતું. તે હવે ફરી જવાળા બનીને બહાર આવ્યુ છે. ૧૧ ગામના ખેડુતોનો આરોપ છે કે સરકાર સાથેની બેઠકમાં જે નિર્ણયો લેવાયા હતા તેની સ્થાનિક તંત્ર અમલવારી કરતુ નથી, હિંમતનગરના કાંકણોલમાં આંદોલન સમિતિની એક મહત્વની બેઠક યોજાઈ હતી. જેમાં ખેડુતોએ આક્રોશ વ્યકત કરતા જણાવ્યુ હતુ કે જો સરકાર વહેલી તકે વહિવટી વિસંગતતાઓ દુર નહી કરે અને યોગ્ય જવાબ નહી આપે તો આગામી સ્થાનિક સ્વરાજયની ચુંટણીનો બહિષ્કાર કરવામાં આવશે, એક તરફ આંદોલન સમિતિ ફરી સક્રિય થઈ છે, તો બીજી તરફ ખેડુતોએ હવે આરપારની લડાઈના મંડાણ કર્યા છે, એક તરફ આંદોલન સમિતિ ફરી સક્રિય થઈ છે. તો બીજી તરફ ખેડુતોએ હવે આરપાર ની લડાઈના મંડાણ કર્યા છે. ત્યારે હવે જોવાનુ એ રહેશે કે તંત્ર જાગે છે કે પછી ચુંટણી ટાંણે સરકારની મુશ્કેલીઓ વધશે.

# અમદાવાદમાં સીનીયર આચાર્યોને વર્ગ-૪ ની ડયુટી અપાતા શિક્ષક સંઘનો ઉગ્ર વિરોધ

પ્રતિનિધિ,ગાંધીનગર



આગામી મ્યુનિસીપલ કોર્પોરેશન, તાલુકા પંચાયત અને નગરપાલિકાઓની ચુંટણીઓને પગલે અમદાવાદ જિલ્લા ચુંટણી તંત્ર એકશન મોડ માં આવી ગયુ છે. પરંતુ આ ચુંટણીઓ પાર પાડવા માટે તંત્ર સામે સ્ટાફની ભારે અછતનુ મોટુ સંકટ ઉભુ થયુ છે. તંત્રને ૩૦ હજાર થી વધુ કર્મચારીઓની તાતી જરૂરીયાત હોવાથી, હવે નિવૃત્ત શિક્ષકો અને બુથ લેવલ ઓફીસર્સ (બીએલઓ) ને પણ ચુંટણી કામગીરીમાં જોડી દેવામાં આવ્યા છે. જો કે ચુંટણી તંત્ર દ્વારા ડયુટીના ઓર્ડર કરવામાં કેટલીક ગંભીર ભુલો થતા શિક્ષણ જગતમાં ભારે વિવાદ અને રોષ જોવા મળી રહ્યો છે. ચુંટણી તંત્રની સૌથી મોટી બેદરકારી એ બહાર આવી છે કે અમદાવાદ જિલ્લાની અનેક શાળાઓના સીનીયર એચ ટાટ મુખ્ય શિક્ષકો અને વરસોનો અનુભવ ધરાવતા સ્કુલના આચાર્યો ને સીધા પટાવાળા (વર્ગ-૪) તરીકેની કામગીરીના ઓર્ડર પકડાવી દેવામાં આવ્યા છે. આખી જીંદગી શિક્ષણ જગતમાં આદરણીય પદ પર રહીને બાળકોનુ ભવિષ્ય ઘડનારા આચાર્યો ને આવા નીચલા સ્તરના ઓર્ડર મળતા શિક્ષક સંઘોમાં ભારે રોષ ફેલાયો છે. શિક્ષકોની સાથે સાથે બીએલઓ (બુથ લેવલ ઓફીસર્સ) ની કામગીરી કરતા કર્મચારીઓ પણ મુશ્કેલીમાં મુકાયા છે. જે શિક્ષકો પહેલેથી જ બીએલઓ તરીકે ફરજ બજાવી રહ્યા છે તેમને હવે બુથમાં આસી. પ્રિસાઈડિંગ ઓફીસર, તરીકેની વધારાની જવાબદારી પણ સોંપી દેવાઈ છે.

બીએલઓ કર્મચારીઓની વ્યવહારૂ ફરીયાદ એ છે કે ચુંટણીના દિવસે તેમની મુખ્ય ફરજ વોટીંગ બુથ ની બહાર બેસીને મતદારોની સ્લિપ અને યાદી ચેક કરવાની હોય છે. જયારે આસી. પ્રિસાઈડિંગ ઓફીસરની ફરજ વોટીંગ બુથની અંદર બેસીને મતદાન પ્રક્રિયા સંભાળવાની હોય છે. હવે મોટો સવાલ એ ઉભો થાય છે કે એક જ કર્મચારી એક જ સમયે બુથની અંદર અને બહારની આ બે મહત્વની ભુમિકાઓ કઈ રીતે નિભાવી શકશે ? તંત્રના આ અણધડ આયોજનથી કર્મચારીઓમાં ભારે અસમંજસ ઉભી થઈ છે. પ્રાપ્ત આંકડાઓ અનુસાર અમદાવાદ કોર્પોરેશન અને જિલ્લાની ચુંટણીઓ માટે કુલ ૫,૫૦૦ જેટલા વોટીંગ બુથ (જેમાં ૪૨૫૦ કોર્પોરેશન અને ૧૧૦૦ થી વધુ તાલુકા પંચાયતના બુથ ) નકકી કરવામાં આવ્યા છે. નિયમ મુજબ દરેક બુથ પર પ્રિસાઈડિંગ ઓફીસર , આસી. પ્રિસાઈડિંગ ઓફીસર અને પટાવાળા સહિત ૫ કર્મચારીઓનો સ્ટાફ અનિવાર્ય હોય છે. આ જંગી માનવબળ પુરૂ કરવા માટે ચુંટણી તંત્ર પાસે નિવૃત્ત શિક્ષકો અને બીએલઓને વધારાની જવાબદારી સોંપવા સિવાય બીજો કોઈ વિકલ્પ બચ્યો નથી. હવે જોવાનુ એ રહેશે કે શિક્ષક સંઘો દ્વારા નોંધવવામાં આવેલા ઉગ્ર વિરોધ બાદ ચુંટણી તંત્ર આચાર્યોના પટાવાળાના ઓર્ડર અને બીએલઓ ની બેવડી ડયુટીમાં કોઈ સુધારો કરે છે કે નહી,

# પાટણ જિલ્લાની ચાણસ્મા જમીન સંપાદનની રકમ ન ચુકવતા નર્મદા કચેરીના એકિઝકયુટીવ એન્જીનિયર ની ઓફીસ સીલ કરાઈ

પ્રતિનિધિ,ગાંધીનગર




પાટણ જિલ્લાના ચાણસ્માની નર્મદા કચેરીના એકિઝકયુટીવ એન્જીનિયરની ઓફીસને સીલ મારી દેવામાં આવતા સનસનાટી મચી જવા પામી છે.

મોઢેરાથી ધારીયાલ રોડ પર ૨૦૦૧ ની સાલ માં જમીન સંપાદન કરવામાં આવી હતી. જેનુ ખેડુત અરજદાર ને તેનુ વળતર ન ચુકવતા ખેડુત દ્વારા કડી કોર્ટ માં કેસ દાખલ કરવામાં આવ્યો હતો. જે મામલે કડી કોર્ટના જજ દ્વારા ચાણસ્મા નર્મદા વિભાગની કચેરીને જપ્તી કરવાનો હુકમ કર્યો હતો. જેના ભાગરૂપે ચાણસ્મા કોર્ટના ૨ બેલીફ અને પંચોની હાજરીમાં આ ઓફીસને સીલ કરવામાં આવી હોવાનુ જાણવા મળ્યુ છે. ચાણસ્મા નર્મદા કચેરીના એકિઝકયુટીવ એન્જીનિયરની ઓફીસને સીલ મારવામાં આવી હોવાના મામલે મળતી માહિતી મુજબ મોઢેરાના સોલંકી સેંધાજી ખેડુતની જમીનનુ ૨૦૦૧ ની સાલમાં સંપાદન કરવામાં આવ્યુ હતું. પરંતુ નર્મદા વિભાગ દ્વારા ખેડુત અરજદારને વળતર ચુકવવામાં આવ્યુ ન હતું. જેને કારણે ખેડુત અરજદાર કોર્ટના શરણે જવા મજબુર બન્યો હતો. અરજદારને વ્યાજ સાથે રૂપીયા ૪.૨૦ લાખ ચુકવવાના બાકી હતા. ત્યારે કડી કોર્ટ દ્વારા ચાણસ્માની નર્મદા વિભાગની કચેરીને જપ્તી કરવાનુ વોરન્ટ ઈસ્યુ કરવામાં આવ્યુ હતું. જેના ભાગરૂપે મંગળવારે અરજદાર, ૨ બેલીફ , એડવોકેટ અને પંચોની હાજરીમાં નર્મદા કચેરીના એકિઝકયુટીવ એન્જીનિયરની ઓફીસને સીલ મારવામાં આવી હતી.

કચેરીનો તમામ સમાન એન્જીનિયરની ઓફીસમાં મુકયા બાદ કાયદેસર રીતે ઓફીસને સીલ કરવામાં આવી હોવા મામલે સનસનાટી મચી જવા પામી છે.


# ACBનો સપાટોઃ નાયબ મામલતદાર અને પટ્ટાવાળો ૨૦૦૦૦ની લાંચ લેતા ઝડપાયા

(સંપૂર્ણ સમાચાર સેવા)સુરેન્દ્રનગર

સુરેન્દ્રનગર જિલ્લાના લખતર તાલુકામાંથી ભ્રષ્ટાચારનો એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે, જ્યાં સરકારી તંત્રના બે કર્મચારીઓ લાંચ લેતા રંગેહાથે ઝડપાયા છે. લખતર મામલતદાર કચેરીમાં એસીબીએ પાડેલા આ દરોડાને પગલે સમગ્ર મહેસૂલ વિભાગમાં ફફડાટ ફેલાઈ ગયો છે. એક જાગૃત ખેડૂત પોતાની ખેતીની જમીનની નોંધ સરકારી ચોપડે પ્રમાણિત કરાવવા માટે લખતર મામલતદાર કચેરીના ધક્કા ખાઈ રહ્યા હતા. આ કાયદેસરની પ્રક્રિયા પૂર્ણ કરવાના બદલામાં ત્યાં ફરજ બજાવતા નાયબ મામલતદાર જયદીપસિંહ હનુભા પરમારે ખેડૂત પાસે રૂ. ૫૦,૦૦૦ ની લાંચની માંગણી કરી હતી. એક તરફ સરકાર ખેડૂતોની સુવિધા માટે ઓનલાઈન અને સરળ પ્રક્રિયાના દાવા કરે છે, ત્યારે બીજી તરફ કચેરીમાં બેઠેલા અધિકારીઓ આ રીતે વહીવટ કરવા માટે ખેડૂતોનું શોષણ કરી રહ્યા હોવાનું આ કિસ્સા પરથી સાબિત થાય છે.ખેડૂત લાંચ આપવા માંગતા ન હોવાથી તેમણે આ અંગે સુરેન્દ્રનગર એસીબી પોલીસનો સંપર્ક કર્યો અને ફરિયાદ નોંધાવી. એસીબીના અધિકારીઓએ તરત જ એક્શનમાં આવીને લખતર મામલતદાર કચેરી ખાતે લાંચનું છટકું ગોઠવ્યું હતું. જ્યારે ખેડૂત લાંચની રકમનો પ્રથમ હપ્તો એટલે કે રૂ. ૨૦,૦૦૦ લઈને કચેરીએ પહોંચ્યા, ત્યારે નાયબ મામલતદારના કહેવાથી આઉટસોર્સિંગ પટ્ટાવાળા કનકસિંહ વાઘુભા ઝાલાએ આ રકમ સ્વીકારી હતી. જેવી પટ્ટાવાળાએ લાંચની રકમ હાથમાં લીધી, કે તરત જ છુપાઈને ઉભેલા એસીબીના અધિકારીઓએ ત્રાટકીને નાયબ મામલતદાર અને પટ્ટાવાળા બંનેને રંગેહાથે ઝડપી લીધા હતા. સ્થાનિક અહેવાલો મુજબ, સુરેન્દ્રનગર જિલ્લો જાણે ભ્રષ્ટાચારનું એપી સેન્ટર બની રહ્યો હોય તેમ એક પછી એક લાંચના કિસ્સાઓ પ્રકાશમાં આવી રહ્યા છે. તાજેતરમાં જ જિલ્લાના અન્ય ઉચ્ચ અધિકારીઓ પણ જમીન કૌભાંડોમાં જેલની હવા ખાઈ રહ્યા છે, તેમ છતાં નીચલા સ્તરના કર્મચારીઓમાં કાયદાનો કોઈ ડર રહ્યો હોય તેમ જણાતું નથી. હાલમાં એસીબીએ બંને આરોપીઓ વિરુદ્ધ ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ હેઠળ ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આ ઘટનાએ ફરી એકવાર સાબિત કર્યું છે કે, જો જનતા જાગૃત બને અને ભ્રષ્ટ અધિકારીઓ સામે અવાજ ઉઠાવે, તો તંત્રને ચોખ્ખું કરી શકાય છે.

# આરોગ્ય કર્મચારીઓ આંદોલનના માર્ગેઃ જો માંગણીઓનો ઝડપથી ઉકેલ નહી આવે તો વધુ મોટા આંદોલન માટે મજબુર બનવુ પડશે

પ્રતિનિધિ,ગાંધીનગર



રાજયમાં સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓ નજીક આવી રહી છે. ત્યારે રાજયના આરોગ્ય કર્મચારીઓ ફરી એકવાર સક્રિય બન્યા છે. આરોગ્ય કર્મચારી સંઘ અને મહાસંઘ દ્વારા સરકારને અગાઉ કરવામાં આવેલા વાયદાઓની યાદ અપાવીને તાત્કાલીક અમલ માટે દબાણ વધારવામાં આવી રહ્યુ છે. આ તરફ સંઘના આગેવાનોનુ કહેવુ છે કે અગાઉના આંદોલન દરમિયાન સરકાર દ્વારા સ્વીકારવામાં આવેલી અનેક મહત્વપૂર્ણ માંગણીઓ આજે પણ કાગળ પર જ છે. ખાસ કરીને ઉચ્ચત્તર પગારધોરણ, ટેકનીકલ કેડરના પ્રશ્નો અને વિવિધ જગ્યાઓના અપગ્રેડેશન જેવા મુદ્દાઓ પર હજુ સુધી કોઈ સ્પષ્ટ અમલ જોવા મળ્યો નથી. આરોગ્ય કર્મચારીઓનો આક્ષેપ છે કે સરકારે તે સમયે પરીસ્થિતિ શાંત કરવા માટે આશ્વાસનો આપ્યા હતા, પરંતુ લાંબા સમય બાદ પણ તે વચનો પૂર્ણ કરવામાં આવ્યા નથી, આથી હવે કર્મચારીઓ વધુ આક્રમક વલણ અપનાવી રહ્યા છે અને સરકારને અલ્ટીમેટમ આપી રહ્યા છે કે જો માંગણીઓનો ઝડપથી ઉકેલ નહી આવે તો વધુ મોટા આંદોલન માટે મજબુર બનવુ પડશે.

સંઘ દ્વારા ખાસ કરીને ૮ મુખ્ય મુદ્દાઓ પર ભાર મુકવામાં આવ્યો છે. જેમાં પગાર સુધારા, કેડર મજબુતી અને કામકાજની પરીસ્થિતિમાં સુધારો સામેલ છે, કર્મચારીઓ માને છે કે આ મુદ્દાઓના નિરાકરણ વિના આરોગ્ય સેવાઓની ગુણવત્તા પર પણ અસર પડી શકે છે, ચુંટણી સમયગાળા દરમિયાન આ મુદ્દો વધુ સંવેદનશીલ બની ગયો છે. કારણ કે આરોગ્ય ક્ષેત્ર સાથે જોડાયેલા હજારો કર્મચારીઓની અસંતોષની લાગણી રાજકીય રીતે પણ અસરકારક બની શકે છે. આ તરફ સંઘના આગેવાનોનુ કહેવુ છે કે અગાઉના આંદોલન દરમિયાન સરકાર દ્વારા સ્વીકારવામાં આવેલી અનેક મહત્વપૂર્ણ માંગણીઓ આજે પણ કાગળ પર જ છે. ખાસ કરીને ઉચ્ચત્તર પગાર ધોરણ , ટેકનીકલ કેડરના પ્રશ્નો અને વિવિધ જગ્યાઓના અપગ્રેડેશન જેવા મુદ્દાઓ પર હજુ સુધી કોઈ સ્પષ્ટ અમલ જોવા મળ્યો નથી.

સ્પેશ્યલ ઈન્વેસ્ટિગેશન ટીમના ચીફ તેજસ્વી સાતપુતે ની સાફ વાત

# અશોક ખરાતનો ભોગ બનેલી મહિલાઓ હિમ્મતથી આગળ આવી રહી છે ત્યારે આ કેસમાં મીડિયા-ટ્રાયલ ન થવી જોઈએ





(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

અશોક ખરાત કેસમાં રચવામાં આવેલી સ્પેશ્યલ ઈન્વેસ્ટિગેશન ટીમ (SIT) ના વડા તેજસ્વી સાતપુતે એ આ કેસ સંદર્ભે વિગતો આપતા જણાવ્યું હતું કે ‘‘પીડિતાઓ અને તેમના કુટુંબીજનોના ઈન્ટરવ્યુ લેવા પર બંધી છે. આ કેસમાં મીડિયા ટ્રાયલ ન થવી જોઈએ. પીડિતાઓની ઓળખ થાય એવા વિડીયો વાઈરલ કરનારાઓ પર કડક કાર્યવાહી થઈ શકે છે. આ કેસ સંદર્ભે ૪૬૫૦ વિડીયો લિક્સ વાઈરલ થઈ હતી. જે સાયબર ટીમે ડિલીટ કરી છે. વળી સોશિયલ મીડિયા પર પણ વાંધાજનક પોસ્ટ ફોરવર્ડ કરાતી હતી એવા ૪૫૧ અકાઉન્ટ પણ કાયમ માટે ડિલીટ કરવામાં આવ્યા છે. આ પ્રકરણ બહુ જ સેન્સિટિવ છે. એથી ચાર્જશીટ દાખલ ન થાય ત્યાં સુધી કેટલીક વિગતો ગુપ્ત રાખવી જરૂરી છે. આ પ્રકરણમાં સગીરનો સમાવેશ નથી.

અશોક ખરાત કહે છેઃ- ઝુકતી હૈ દુનિયા, ઝુકાનેવલા ચાહીએ.

અશોક ખરાત કેસ ની તપાસ કરી રહેલી સ્પેશ્યલ ઈન્વેસ્ટિગેશન ટીમ (SIT) ની પૂછપરછ દરમ્યાન અશોક ખરાતે કબૂલાતનામામાં એવું વિવાદાસ્પદ સ્ટેટમેન્ટ આપ્યું હોવાનું સૂત્રોએ કહ્યું હતું કે ‘‘ હું કોઈ વશીકરણ નહોતો કરતો, ચમત્કાર નહોતો કરતો. હાથચાલાકી અને યુક્તિઓ વાપરીને મહિલાઓને જાળમાં ખેંચતો હતો. ઝુકતી હૈ દુનિયા, ઝુકાનેવાલા ચાહીએ.’’

અશોક ખરાત મહિલાઓની શ્રધ્ધાનો ગેરલાભ ઉઠાવતો હતો. અને તેમને ડરાવી દેતો હતો. એમ જણાવતા તેજસ્વી સાતપુતે એ વધુમાં કહ્યું હતું કે ‘‘અશોક ખરાત નંગ, ચિચુકા, રુદ્રાક્ષ, પુજાવિધી વગરે આપી ને મહિલા પાસેથી પૈસા પડાવતો હતો. આમ કરીને તે અંધશ્રધ્ધા ફેલાવતો હતો.

અત્યાર સુધી ભોગ બનેલી મહિલાઓએ લોકો શું કહેશે એવું વિચારીને અન્યાય સહન કર્યો હતો. પરંતુ હવે હિમ્મતથી મહિલાઓ આવી રહી છે એ મોટી વાત છે.

સુપ્રીમ કોર્ટનો કેન્દ્ર સરકારને વેધક સવાલ:

# શું ટ્રેઈનીંગ લઈ રહેલો ઉમેદવાર દિવ્યાંગ બને તો સરકાર શું તેને ભૂતપૂર્વ સૈનિક માનશે?

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

દેશની સર્વોચ્ચ અદાલત એવી સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકાર ને પૂછ્યું છે કે શું સેનામાં પસંદગી પામ્યા બાદ તાલીમ દરમ્યાન ઘાયલ અથવા દિવ્યાંગ બનેલા લશ્કરી કેડેટસને ભૂતપૂર્વ સૈનિકનો દરજ્જો આપી શકાય અને સરકારી નોકરીઓમાં તેને અનામતનો લાભ આપી શકાય? સુપ્રીમ કોર્ટે આ યુવા કેડેટસ સામે ઊભી થતી રોજગારીની જરૂરિયાતો અને પડકારો પર ચિંતા વ્યકત કરી છે.

સુપ્રીમ કોર્ટે સરકારને આ મુદ્દાઓ પર વિગતવાર જવાબ આપવાનો નિર્દેશ આપ્યો છે. સુપ્રીમ કોર્ટે તાલીમ દરમ્યાન ઈજાઓ અથવા દિવ્યાંગતાને કારણે કેડેટસને આવતી મુશ્કેલીઓ સાથે સંબંધિત આ મામલાની સુઓ મોટો સુનાવણી કરી રહી છે. સુનાવણી દરમ્યાન જસ્ટિસ બી.વી.નાગરત્ના અને ઉજ્જલ ભૂયાનની બેન્ચે નોંધ્યું હતું કે મોટા ભાગના લશ્કરી કેડેટસ ૩૦ વર્ષથી ઓછી ઉંમરના છે અને તેમને રોજગારની સખત જરૂર છે. શું તબીબી કારણસર બાકાત રાખવામા આવેલા કેડેટસ સરકારી અને અર્ધપ્રતિષ્ઠિત હોદ્દાઓમાં અનામતનો લાભ મેળવી શકે?

આ મુદ્દે કેન્દ્ર સરકારનું પ્રતિનિધિત્વ કરતાં એડિશનલ સોલિસિટર જનરલ એન. વેક્ટરામને ખાતરી આપી હતી કે આ બાબતે વ્યાપક ઉત્તર આપવામાં આવશે.

૫૦૦ કેડેટસ ની સમસ્યા

સને ૧૯૮૫ થી લગભગ ૫૦૦ કેડેટસને વિવિધ ડિગ્રીની વિક્લાંગતાને કારણે તાલીમ માંથી છૂટા કરવામાં આવ્યા છે. આ મુદ્દા પર સુપ્રીમ કોર્ટની સક્રિયતા આ કેડેટસની સમસ્યાઓને એક નવા સ્તરે લઈ ગઈ છે. જેનાથી તેમના અધિકારો અને તકોનું રક્ષણ થયું છે.

# રાજયમાં શિક્ષકોના પગારના ફાંફા : ગ્રાન્ટના અભાવે હજારો પરીવારોની મુશ્કેલી વધીઃ શૈક્ષણિક સંઘે કરી રજુઆત એડવાન્સ ગ્રાન્ટની માંગણી


પ્રાથમિક શૈક્ષણિક મહાસંઘ - ગુજરાત
અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘનું એકમ
ABRSM

પ્રતિનિધિ,ગાંધીનગર

રાજયના પ્રાથમિક શિક્ષણ વિભાગમાં ફરજ બજાવતા હજારો શિક્ષકો માટે ચાલુ માસ આર્થિક સંકટ લઈને આવ્યો છે. રાજયના તમામ જિલ્લાઓમાં શિક્ષકોનો ચાલુ મહિનાનો પગાર હજુ સુધી થયો નથી. જેને પગલે શિક્ષકોમાં ભારે રોષ અને ચિંતા જોવા મળી રહી છે. ગ્રાન્ટના અભાવે પગાર અટકી પડતા હવે આ મામલો રાજય સરકારના દરવાજે પહોચ્યો છે.

પગાર ન થવાને કારણે શિક્ષકોના ઘરના બજેટ ખોરવાયા છે અને લોનના હપ્તા તેમજ અન્ય ખર્ચાઓ ચુકવવામાં મુશ્કેલી પડી રહી છે. આ ગંભીર સ્થિતિને ધ્યાને લઈ પ્રાથમિક શૈક્ષણિક સંઘ દ્વારા રાજય સરકારને લેખિતમાં રજુઆત કરવામાં આવી છે. સંઘે માંગ કરી છે કે તાત્કાલીક ધોરણે પગાર માટેની ગ્રાન્ટ મંજુર કરવામાં આવે જેથી શિક્ષકોના ખાતામાં જમા થઈ શકે, વારંવાર ઉભા થતા આ પ્રશ્નના કાયમી ઉકેલ માટે પણ સંઘે સરકાર સામે પ્રસ્તાવ મુકયો છે. રજુઆતમાં જણાવવામાં આવ્યુ છે કે ભવિષ્યમાં આવી સ્થિતિ ફરીથી પેદા ન થાય તે માટે સરકારે દર મહિને એડવાન્સમાં ગ્રાન્ટ ફાળવવી જોઈએ. જો સમયસર ગ્રાન્ટ મળે તો વહિવટી પ્રક્રિયાને કારણે થતો વિલંબ ટાળી શકાય છે. અત્યારે તો હજારો શિક્ષકો આશા ભરી નજરે સરકાર તરફ જોઈ રહ્યા છે કે કયારે તેમના મહેનતાણાની રકમ તેમના ખાતામાં જમા થાય છે. આગામી દિવસોમાં ગ્રાન્ટ રીલીઝ નહી થાય તો શૈક્ષણિક સંઘ દ્વારા આંદોલનાત્મક પગલા લેવાની પણ ચર્ચાઓ ચાલી રહી છે.

# કોંગ્રેસના લંગડા ઘોડાની ખુલી પોલ : ભાજપ સાથે ઈલુ ઈલુ રમીને પક્ષને હોમી દેવાનો રચાતો કારસો




પ્રતિનિધિ,ગાંધીનગર

અમદાવાદ શહેર કોંગ્રેસમાં છેલ્લા ૨૦ વરસથી ચાલતી ભીતરની રમત હવે ચકચારે ચઢી છે. ભાજપને હરાવવાને બદલે તેની સાથે ગુપ્ત સમજુતી કરીને ઈલુ ઈલુ રમતા કોંગ્રેસના મોટા ગજાના નેતાઓ અને પૂર્વ ધારાસભ્યોની પોલ ખુલ્લી પડી ગઈ છે. મહાનગરપાલિકાની ચુંટણીમાં પોતાના માનીતા અને બિન અનુભવી ઉમેદવારોને ટીકીટ અપાવીને આ નેતાઓ ૨૦૨૭ ની વિધાનસભા ચુંટણી માટેનું ભંડોળ એકઠુ કરી રહ્યા હોવાના ગંભીર આક્ષેપો કાર્યકરોમાં ઉઠયા છે.

ટીકીટો વહેંચ્યા પછી પણ ફોર્મ ભરવામાં કરવામાં આવતો વિલંબ એ પક્ષને જીતાડવા માટે નહી ,પણ સામેના પક્ષને બિનહરીફ જીતાડવા અથવા વોક ઓવર આપવા માટેની સુનિયોજીત કાવતરૂ હોવાનુ જણાય છે. ડમી ઉમેદવારો જાહેર ન કરવા અને ફોર્મ માટે લીગલ ટીમ સહિતની વ્યવસ્થાનો અભાવ હોવાના આક્ષેપો ઉમેદવારો જ કરી રહ્યા છે. કુબેરનગર, શાહપુર , નિકોલ અને જમાલપુર જેવા ૧૫ જેટલા મહત્વના વોર્ડમાં હજુ સુધી ગોઠવણ થઈ ન હોવાથી ઉમેદવારોના નામ જાહેર કરાયા નથી, આ વિલંબ પાછળ વહિવટની ગંધ આવી રહી છે. નવાઈની વાત તો એ છે કે જયાં ભાજપ મજબુત છે તેવા રાણીપ, ઘાટલોડીયા અને થલતેજ જેવા વોર્ડ માં ઉમેદવારો જાહેર કરી દેવાયા છે. પરંતુ જયાં કોંગ્રેસ જીતી શકે તેમ છે, ત્યાં જાણી જોઈને ખેંચતાણ ઉભી કરવામાં આવી છે. જે નેતાઓ ૨૦ વરસથી સંગઠન પર કબ્જો જમાવી બેઠા છે તેઓ માત્ર પોતાના આર્થિક સ્વાર્થ માટે કાર્યકરોની મહેનત પર પાણી ફેરવી રહ્યા છે. ટીકીટ વહેંચણીમાં વહિવટ પુરો ન થાય ત્યાં સુધી નામો જાહેર ન કરવા અને ફોર્મ ભરવામાં છેલ્લી ઘડી સુધી વિલંબ કરવો એ પક્ષ સાથેની ગદ્દારી છે. આ નેતાઓ ૨૦૨૭ નુ ભાથું ભેગુ કરવા કોંગ્રેસનુ બલિદાન આપી રહ્યા છે. કુબેરનગર, શાહપુર, જોધપુર, નિકોલ, વિરાટનગર , બાપુનગર, સરસપુર-રખીયાલ, જમાલપુર, વાસણા, સરખેજ, મકતમપુરા, બહેરામપુરા, ગોમતીપુર, ખોખરા અને ઈશનપુર જેવા વોર્ડમાં કોંગ્રેસની આંતરીક ખેંચતાણ પરાકાષ્ઠાએ છે. આ વોર્ડ માં કાં તો ઉમેદવાર બાકી છે અથવા તો જે નકકી છે તેમને ફોર્મ ભરવા દેવાતા નથી, જેથી ભાજપને સીધો ફાયદો કરાવી શકાય.

# ગુજરાત ભાજપમાં ટીકીટનો જંગઃ મુખ્યમંત્રી નિવાસ સ્થાન પર મેરેથોન મનોમંથન છતાં કોકડુ ગુંચવાયેલુંઃ પાર્લામેન્ટ્રી બોર્ડની બેઠક ચોથા દિવસે લંબાવાઈ




પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજયની ચુંટણી પહેલા ભાજપમાં ઉમેદવાર પસંદગીની પ્રક્રિયા અપેક્ષા કરતા વધુ જટીલ બની રહી છે. ગાંધીનગરમાં મુખ્યમંત્રીના નિવાસસ્થાને ચાલી રહેલી પ્રદેશ પાર્લામેન્ટ્રી બોર્ડની બેઠક સતત ત્રીજા દિવસે પણ પૂર્ણ ન થતા હવે તેને વધુ એક દિવસ માટે લંબાવવામાં આવી છે. જે પક્ષની અંદરની ખેંચતાણ અને વ્યુહાત્મક ચર્ચાઓ તરફ સંકેત આપે છે. ગાંધીનગરમાં મુખ્યમંત્રીના નિવાસસ્થાને પ્રદેશ ભાજપની પાર્લામેન્ટ્રી બોર્ડ બેઠક સતત ત્રીજા દિવસે પણ ચાલુ રહી હતી. મુળ આયોજન મુજબ આ બેઠકનો આજે ૯ એપ્રિલે અંતિમ દિવસ માનવામાં આવતો હતો. પરંતુ ઉમેદવાર પસંદગીમાં સહમતિ ન બનતા બેઠકને વધુ એક દિવસ માટે લંબાવવાનો નિર્ણય લેવાયો છે. આજે શુક્રવારે પણ ફરી આ બેઠક મળશે. જેમાં ખાસ કરીને અમદાવાદ મ્યુનિસીપલ કોર્પોરેશન સહિતની બાકી રહેલી કોર્પોરેશનો માટે ઉમેદવારોના નામો પર અંતિમ ચર્ચા થવાની શકયતા છે. આથી સ્પષ્ટ થાય છે કે ભાજપ માટે આ ચુંટણી માત્ર નિયમિત પ્રક્રિયા નહી પરંતુ વ્યુહાત્મક રીતે અત્યંત મહત્વપૂર્ણ બની ગઈ છે.

પાર્લામેન્ટ્રી બોર્ડ બેઠક લાંબી ચાલવાનુ મુખ્ય કારણ ઉમેદવાર પસંદગીમાં જોવા મળતી આંતરીક ખેંચતાણ છે. ભાજપમાં ટીકીટ માટે મોટા પ્રમાણમાં દાવેદારો ઉભા થયા છે. જેના કારણે યોગ્ય ઉમેદવાર પસંદ કરવો પડકારરૂપ બન્યો છે. વિશેષ કરીને શહેરી વિસ્તારોમાં, જયાં કોર્પોરેશનની બેઠકો માટે પ્રભાવશાળી અને જીતવાની ક્ષમતા ધરાવતા ઉમેદવારો પસંદ કરવા પક્ષ વધુ સાવચેત બની રહ્યો છે. આ પ્રક્રિયામાં સ્થાનિક નેતાઓ, જુથબંધી અને સામાજિક સમીકરણો પણ મહત્વની ભુમિકા ભજવી રહ્યા છે. આ બેઠકમાં અમદાવાદ મ્યુનિસીપલ કોર્પોરેશન માટે ઉમેદવારોની પસંદગી સૌથી વધુ ચર્ચાનો વિષય બની છે. અમદાવાદ શહેર રાજયની રાજકીય દ્રષ્ટીએ મહત્વપૂર્ણ ગણાય છે અને કોર્પોરેશનમાં જીત મેળવવી ભાજપ માટે પ્રતિષ્ઠાનો પ્રશ્ન બની રહે છે. અહેવાલો મુજબ કેટલીક બેઠકો પર ઉમેદવારોને લઈને મતભેદ છે, જેના કારણે અંતિમ યાદી જાહેર કરવામાં વિલંબ થઈ રહ્યો છે. ભાજપ આ વખતે કોઈપણ પ્રકારની જોખમ લેવા તૈયાર નથી અને દરેક બેઠક માટે જીત સુનિશ્ચિત કરી શકે એવા ઉમેદવારને જ પસંદ કરવા માંગે છે.

# અરવલ્લી જિલ્લાની ઓડ જિલ્લા પંચાયતથી ચુંટણી લડશે પૂર્વ આઈપીએસ મનોજ નિનામા



પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

વર્ષ ૨૦૦૬ બેચના ગુજરાત કેડરના આઈપીએસ મનોજ નિનામાએ તાજેતરમાં જ સ્વૈચ્છિક નિવૃત્તિ જાહેર કરી હતી. તેમના રાજીનામાને સરકારે પણ તાત્કાલીક સ્વીકારી લીધુ હતું. તેઓ અરવલ્લી જિલ્લામાંથી ચુંટણી લડશે તેવી રાજકીય ચર્ચાઓ વચ્ચે આજે ગુરૂવારે ભાજપે અરવલ્લી જિલ્લા પંચાયતના ઉમેદવારોની યાદી જાહેર કરતા પૂર્વ આઈપીએસ મનોજ નિનામા અરવલ્લી જિલ્લાની ઓડ જિલ્લા પંચાયતના ભાજપના ઉમેદવાર તરીકે તેમની પસંદગી કરવામાં આવી છે.

ગુજરાતમાં આગામી ચુંટણીઓના ધમધમાટ વચ્ચે રાજયના ટ્રાફીક બ્રાન્ચમાં આઈજી તરીકે ફરજ બજાવતા વર્ષ ૨૦૦૬ બેચના આઈપીએસ અધિકારી મનોજ નિનામાએ પોતાના પદ પરથી સ્વૈચ્છિક રાજીનામુ આપી દીધુ હતું. મહત્વની વાત એ છે કે ચુંટણીના આ માહોલ વચ્ચે રાજય સરકાર દ્વારા તેમનુ તાત્કાલીક અસરથી રાજીનામુ સ્વીકારી લેવામાં આવ્યુ હતું. જેના કારણે વહિવટી અને રાજકીય વર્તુળોમાં ભારે ચર્ચા જાગી હતી. સુત્રો પાસેથી મળેલી માહિતી અનુસાર સેન્સ પ્રક્રિયામાં ગોપનીય રીતે ભાજપ પાસે તેમણે ટીકીટ માંગી હતી. શામળાજીના વતની આઈપીએસ મનોજ નિનામાએ આજે ગુરૂવારે વિધીવત રીતે પૂર્વ આઈપીએસ અને મંત્રી પુનમચંદ બરંડાના હસ્તે ભાજપનો ખેસ ધારણ કર્યો હતો. તેવામાં ભાજપ દ્વારા આજે ગુરૂવારે સુરેન્દ્રનગર મહાનગરપાલિકાના ૧૩ વોર્ડ ના ઉમેદવારોની પ્રથમ યાદી જાહેર કરવામાં આવી હતી. આ સાથે ભાજપે અરવલ્લી જિલ્લા પંચાયતના ઉમેદવારોની પ્રથમ યાદી જાહેર કરી છે. જેમાં ઓડ બેઠક પરથી પૂર્વ આઈપીએસ મનોજ નિનામાની પસંદગી કરવામાં આવી છે.

# ગુજરાતમાં સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓ પર સંકટ ? ઓબીસી અનામત મામલે દિનેશ બાંભણીયા પહોંચ્યા સુપ્રિમ કોર્ટ : આજે થશે સુનાવણી



પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજયની ચુંટણીને લઈને મોટો રાજકીય સંકટ ઉભુ થયુ છે. પાટીદાર આગેવાન દિનેશ બાંભણીયાએ ઓબીસી અનામતને લઈને સુપ્રિમ કોર્ટમાં જાહેરહીત ની અરજી દાખલ કરી છે. આ અરજીમાં દલીલ કરી છે કે વર્તમાન ઓબીસી અનામતની નીતીમાં વિસંગતતાઓ છે અને તેને સુધાર્યા વિના ચુંટણી યોજવી બંધારણીય રીતે યોગ્ય નથી.

આ કેસમાં પંચાયત, નગરપાલિકા અને મહાનગરપાલિકા ચુંટણીમાં અનામત અમલ અંગે પ્રશ્નો ઉઠાવવામાં આવ્યા છે. દિનેશ બાંભણીયા દ્વારા અરજીમાં જણાવાયુ છે કે અનામતની વર્તમાન વ્યવસ્થા અગાઉના સુપ્રિમ કોર્ટના ચુકાદા અને બંધારણ સાથે સુસંગત નથી. સુપ્રિમ કોર્ટની મુખ્ય બેંચ આજે શુક્રવારે ૧૦ એપ્રિલે આ મામલે દલીલો સાંભળશે. ગાંધીનગરની રાજકારણની પરીસ્થિતિ હવાલે, સ્થાનિક સ્વરાજયની ચુંટણીના ડાકલા પહેલાથી જ મોકલાઈ ચુકયા છે અને મુખ્ય રાજકીય પક્ષો ભાજપ, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી પોતાનુ વોટ શેર વધારવા જોર શરમાવ્યા છે. ઓબીસી અનામતના કવોટા, ટ્રીપલ ટેસ્ટ માપદંડોનુ પાલન અને સીમાંકન મુદ્દા આ પીઆઈએલ માં કેન્દ્રમાં છે. આ સુનાવણી ગુજરાતમાં સ્થાનિક સ્વરાજયની ચુંટણીના ભવિષ્ય માટે મહત્વપૂર્ણ ગણાય છે.

# નાની દુકાનમાંથી મોટી કંપનીમાં જોડાયાઃ રાજુ કરપડા ભાજપમાં જોડાતા કોંગ્રેસે આપી પ્રતિક્રિયા




પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

સ્થાનિક સ્વરાજયની ચુંટણીના પગલે રાજકીય હલચલ તેજ બની છે. આવામાં આજે ગુરૂવારે ખેડુત નેતા રાજુ કરપડા ભાજપમાં જોડાયા છે. જેના પગલે કોંગ્રેસે પ્રતિક્રિયા આપી હતી. કોંગ્રેસ પ્રવકતા ડો. મનિષ દોશીએ જણાવ્યુ હતુ કે ખેડુત હિત ની વાતો કરનાર નાની દુકાનમાંથી મોટી કંપનીમાં જોડાયા છે. કોંગ્રેસને આ ઘટનાથી કોઈ નવાઈ લાગતી નથી,

આમ આદમી પાર્ટી ભાજપની બી ટીમ છે એમ કહેતા હતા તે વાત સાચી પડી, રાજુ કરપડાએ ખેડુત હિત સાથે વિશ્વાસઘાત કર્યો છે. ખેડુત નેતા રાજુ કરપડા એ કેસરીયા કર્યા છે. પૂર્વ આમ આદમી પાર્ટી નેતા ભાજપમાં જોડાયા છે, રાજુ કરપડા સુરેન્દ્રનગર જિલ્લાના ખેડુત નેતા છે. ભાજપ આગેવાનોની હાજરીમાં ભાજપનો કેસરીયો ધારણ કર્યો હતો. આ પ્રસંગે પ્રદેશ મહામંત્રી અને સૌરાષ્ટ્ર ઝોનના પ્રભારી અનિરૂધ્ધ દવે, ભરત બોઘરા અને ગોરધન ઝડફીયા હાજર રહ્યા હતા. નોંધનીય છે કે ગુજરાતભરના ખેડુતોના પ્રશ્નો માટે અવાજ ઉઠાવતા રાજુ કરપડા મુળ સુરેન્દ્રનગરના રાજકારણમાં સક્રિય છે. તેઓ પહેલા આમ આદમી પાર્ટીના નેતા હતા અને થોડા સમય અગાઉ તેઓની બોટાદના હડદડ ગામે મંજુરી વગર મહાપંચાયત યોજવા બદલ તેઓની ધરપકડ થઈ હતી. બાદમાં જેલમાંથી બહાર આવતા જ તેઓએ આમ આદમી પાર્ટી સાથે છેડો ફાડયો હતો અને ગોપાલ ઈટાલીયા સહિત પક્ષના કાર્યકર્તાઓ પર ગંભીર આરોપો લગાવતા રાજકારણ ગરમાયુ હતું.

રાજુ કરપડાએ આમ આદમી પાર્ટીમાંથી છેડો ફાડયા બાદ ગુજરાતમાં હાલ મહાનગરપાલિકા અને પંચાયતોની ચુંટણી વચ્ચે તેઓ ભાજપ પાર્ટીમાં જોડાયા છે. ત્યારે અનેક અટકળો બાદ અંતે ખેડુત નેતા રાજુ કરપડા ભાજપમાં જોડાતા આમ આદમી પાર્ટીને સ્થાનિક સ્વરાજયની ચુંટણી પહેલા જ મોટો ફટકો પડયો છે. ખેડુતોના પાક વિમા, વીજ લાઈન, નુકશાની અંગે વળતર સહિતના મુદ્દે લડત આપનાર તેમજ કડદા આંદોલનમાં સજા ભોગવ્યા બાદ રાજુ કરપડા મોટી સંખ્યામાં ખેડુતો સહિત આગેવાનો સાથે ભાજપમાં જોડાતા રાજકારણમાં ગરમાવો જામ્યો છે. રાજુ કરપડાએ આમ આદમી પાર્ટીમાંથી છેડો ફાડયા બાદ ગુજરાતમાં હાલ મહાનગરપાલિકા અને પંચાયતોની ચુંટણી વચ્ચે તેઓ ભાજપ પાર્ટીમાં જોડાયા છે.

જામનગરમાં ચૂંટણી પૂર્વે LCBનો મોટો સપાટો

# જાંબુડા પાસે ટ્રકમાંથી ૧.૩૯ કરોડનો ઈંગ્લીશ દારૂ ઝડપાયો

(સંપૂર્ણ સમાચાર સેવા)જામનગર

ગુજરાતમાં આગામી સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓને લઈને પોલીસ તંત્ર સતર્ક બન્યું છે. જામનગર લોકલ ક્રાઈમ બ્રાન્ચ (LCB) એ એક મોટી સફળતા મેળવતા જામનગર-રાજકોટ હાઈવે પર આવેલા જાંબુડા ગામ પાસેથી વિદેશી દારૂનો વિશાળ જથ્થો ભરેલી ટ્રક ઝડપી પાડી છે. આ કાર્યવાહીમાં પોલીસે કરોડો રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. LCBની ટીમને મળેલી ચોક્કસ બાતમીના આધારે જાંબુડા ગામ પાસે વોચ ગોઠવવામાં આવી હતી. આ દરમિયાન શંકાસ્પદ હાલતમાં પસાર થઈ રહેલી ટ્રકને અટકાવી તેની તલાશી લેતા પોલીસ પણ ચોંકી ઉઠી હતી. ટ્રકમાંથી વિદેશી દારૂની નાની-મોટી કુલ ૨૯,૨૪૩ બોટલો મળી આવી હતી. જપ્ત કરાયેલા વિદેશી દારૂની બજાર કિંમત આશરે રૂ. ૧.૩૯ કરોડ જેટલી થાય છે.પોલીસે ઘટનાસ્થળેથી એક શખ્સની ધરપકડ કરી છે અને દારૂની હેરાફેરીમાં વપરાયેલ ટ્રક પણ જપ્ત કર્યો છે. આ ગુનામાં સંડોવાયેલા અન્ય ૩ શખ્સો પોલીસને જોઈને ફરાર થઈ ગયા છે, જેમને પકડવા માટે ચક્રો ગતિમાન કરાયા છે.